પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૭૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૩-૦૭-૨૦૨૪ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાઉઝ એવન્યુ કોર્ટે સીબીઆઈ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૫ જુલાઈ સુધી લંબાવી

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. આજે એટલે કે શુક્રવારે સુપ્રીમ કોર્ટે ઈડીના ધરપકડ કેસમાં અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપ્યા છે. પરંતુ હાલ તેને જેલમાં જ રહેવું પડશે. રાઉઝ એવન્યુ કોર્ટે સીબીઆઈ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૫ જુલાઈ સુધી લંબાવી છે. આજે તેમની જ્યુડિશિયલ કસ્ટડીની મુદત પૂરી થતાં સીબીઆઈએ તેમને કોર્ટમાં રજૂ કર્યા હતા. સીબીઆઈએ ૨૬ જૂને કેજરીવાલની ધરપકડ કરી હતી. સીબીઆઈ દારૂ કૌભાંડ સાથે જોડાયેલા ભ્રષ્ટાચાર કેસની તપાસ કરી



રહી છે.

આ પહેલા આજે સુપ્રીમે અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપ્યા હતા. મહત્વની વાત એ છે કે કેજરીવાલને આ રાહત ઈડી સંબંધિત એક કેસમાં આપવામાં આવી છે અને હાલમાં તેઓ સીબીઆઈ કસ્ટડીમાં છે.અગાઉ ૧૭ મેના રોજ બેન્ચે કેજરીવાલની અરજી પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

હકીકતમાં, ઈડી દ્વારા તેમની ધરપકડને પડકારતી તેમની અરજી પર સુપ્રીમ કોર્ટમાં આજે એટલે કે શુક્રવારે સુનાવણી થઈ હતી. અરજીમાં દિલ્હીમાં કથિત આબકારી નીતિ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડને પડકારવામાં આવી હતી. કોર્ટે આ અરજીને મોટી બેંચને મોકલી છે.

હકીકતમાં, ઈડી દ્વારા તેમની ધરપકડને પડકારતી તેમની અરજી પર સુપ્રીમ કોર્ટમાં આજે એટલે કે શુક્રવારે સુનાવણી થઈ હતી. અરજીમાં દિલ્હીમાં કથિત આબકારી નીતિ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડને પડકારવામાં આવી હતી. કોર્ટે આ અરજીને મોટી બેંચને મોકલી છે.

ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલા એક્સાઈઝ પોલિસી કેસમાં વચગાળાના જામીન આપતા કોર્ટે કહ્યું કે અમે કલમ ૧૯ના પ્રશ્ન પર વિચાર કરી રહ્યા છીએ. અમે કલમ ૧૯ અને ૪૫ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો છે. કલમ ૧૯ એ તપાસ અધિકારીનો વ્યક્તિલક્ષી અભિપ્રાય છે. કલમ ૪૫ એ કોર્ટ દ્વારા કરવામાં આવેલ પ્રયોગ છે. જસ્ટિસ ખન્નાએ કહ્યું કે કોર્ટની શક્તિ અધિકારીની શક્તિથી અલગ છે. અમે જરૂરિયાત અને અનિવાર્યતાને આધારે ધરપકડ કરી છે. ખાસ કરીને પ્રમાણસરતાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને, જેનો અમે મોટી બેન્ચને ઉલ્લેખ કર્યો છે. તો ધરપકડની નીતિ શું છે, તેનો આધાર શું છે, અમે ઉલ્લેખ કર્યો છે.

જસ્ટિસ ખન્નાએ કહ્યું કે શું ધરપકડની જરૂર છે, મજબૂરી એ ધરપકડના ઔપચારિક માપદંડોના સંતોષનો સંદર્ભ આપે છે. અમે સ્વીકાર્યું છે કે માત્ર પૂછપરછ ધરપકડને મંજૂરી આપતી નથી. અરવિંદ કેજરીવાલે ૯૦ દિવસની જેલની સજા ભોગવી છે. અમે નિર્દેશ કરીએ છીએ કે કેજરીવાલને વચગાળાના જામીન પર છોડવામાં આવે. અમે જાણીએ છીએ કે તેઓ ચૂંટાયેલા નેતા છે. અમે સ્પષ્ટ નથી કે અમે ચૂંટાયેલા નેતાને રાજીનામું આપી શકીએ અને મુખ્યમંત્રી તરીકે સેવા ન આપી શકીએ. અમે તે તેમના પર છોડીએ છીએ.જસ્ટિસ ખન્નાએ કહ્યું કે અમે ચૂંટણી ભંડોળ અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યો છે. તાજેતરમાં બંધારણીય બેન્ચે ચૂંટણી બોન્ડ યોજનાને રદ કરી દીધી હતી. એક રીતે આ મામલો ચૂંટણીમાં ફંડિંગ સાથે પણ જોડાયેલો છે. જેની ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી.એ યાદ રહે કે ૧૫ એપ્રિલના રોજ, સુપ્રીમે મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડને પડકારતી કેજરીવાલની અરજી પર ઈડી પાસે જવાબ માંગ્યો હતો. આમ આદમી પાર્ટીના કન્વીનરે દિલ્હી હાઈકોર્ટના ૯ એપ્રિલના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે કેસમાં કેજરીવાલની ધરપકડને સમર્થન આપ્યું હતું, કહ્યું હતું કે તેમાં કોઈ ગેરકાયદેસરતા નથી અને તપાસમાં જોડાવાનો વારંવાર ઈનકાર કર્યા પછી ઈડી પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી.ઈડી દ્વારા ૨૧ માર્ચે મની લોન્ડરિંગ કેસમાં મુખ્યમંત્રીની ધરપકડ કરવામાં આવી હતી. તેને નીચલી અદાલતે ૨૦ જૂને ૧ લાખ રૂપિયાના અંગત બોન્ડ પર આ કેસમાં જામીન આપ્યા હતા. જોકે, બીજા દિવસે ઈડીએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી. ઈઢએ દલીલ કરી હતી કે કેજરીવાલને જામીન આપવાનો નીચલી કોર્ટનો આદેશ એકતરફી અને ખોટો હતો. કેજરીવાલની પણ સીબીઆઈ દ્વારા ૨૬ જૂને કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.લિકર પોલિસી કેસમાં, ઈડીએ મંગળવારે (૯ જુલાઈ) દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં સાતમી પૂરક ચાર્જશીટ રજૂ કરી. ૨૦૮ પાનાની આ ચાર્જશીટમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને કેસના માસ્ટરમાઈન્ડ અને કાવતરાખોર ગણાવવામાં આવ્યા છે. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું હતું કે કૌભાંડમાંથી મળેલા પૈસા આમ આદમી પાર્ટી પર ખર્ચવામાં આવ્યા હતા.ઈડીએ ચાર્જશીટમાં કહ્યું કે કેજરીવાલે આ પૈસા ૨૦૨૨માં ગોવાની ચૂંટણીમાં આપના ચૂંટણી પ્રચારમાં ખર્ચ્યા હતા. એવો દાવો કરવામાં આવ્યો છે કે કેજરીવાલે દારૂ વેચવાના કોન્ટ્રાક્ટ માટે સાઉથ ગ્રૂપના સભ્યો પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ માગી હતી,

## કચ્છમાં લવજેહાદનું પ્રમાણ વધ્યું, ૭ માસમાં ૨૧ સગીરાના અપહરણ કરવામાં આવ્યા

ભુજ

ગુજરાત રાજ્ય ભરમાં લવ જેહાદના કિસ્સાઓ વધી રહ્યા છે. તેની સાથે કચ્છમાં પણ વિધમઓ દ્વારા સગીર કધયાનોનું અપહરણ કરવાના બનાવો ખુબ પ્રમાણમાં વધ્યા છે. છેલ્લા સાત માસમાં જ પશ્ચિમ કચ્છમાંથી ૨૧ સગીરાઓના અપહરણ કરાયાના કિસ્સોઓ પોલીસ ચોપડે ચડયા છે.

જો કે, જે પૈકી ૧૪ સગીરાને પરત લઈ આવવામાં પોલીસને સફળતા મળી છે. તો, માત્ર જુલાઈ માસમાં ચાર સગીરા સહિત પાંચ મહિલાઓના અપહરણ થયા હતા. જે પૈકી પાંચ સગીરાઓને આરોપીઓના ચુંગલમાંથી પોલીસે છોડાવીને ભોગબનારને તેના વાલીઓને સોંપી સરાહનીય કામગીરી કરી છે.

સગીર કધયાના લચાવી ફોસલાવી અપહરણ કર્યા બાદ દુષ્કમ કરવાના કિસ્સોઓ વધી જતાં અને તેમાય વિધમ યુવકો દ્વારા સગીરાને ફાસાવાઈ હોવાનું સામે આવતાં આ દુષણને અટકાવવા પશ્ચિમ કચ્છ પોલીસે અલગ અલગ ટીમો બનાવીને સઘન તપાસ તેજ કરી હતી. જેમાં ભુજ, માંડવી, માધાપર, નખત્રાણા પોલીસ મથકે દાખલ થયેલ અપહરણના કેસમાં આરોપીઓને ઝડપી પાડયા છે. જેમાં ગત ૧૯ મેના માંડવી પોલીસ મથકના દાખલ થયેલ પોક્સોના કેસમાં માંડવીના બાગ ગામે રહેતા રજાક સિધિક સુમરાને પકડી પાડી તેના કબજામાંથી સગીર કધયાને છોડાવી હતી.

ભુજ શહેર પોલીસ મથકના ૩૧ મેના રોજ દાખલ થયેલા અપહરણ દુષ્કર્મ કેસમાં ભુજના બીએસએફ કેમ્પ પાછળ માલધારી નગરમાં રહેતા અભુભખર રમજુ સુમરાને પકડી પાડી તેના કબજામાંથી સગીરાને છોડાવી હતી. માધાપર પોલીસ મથકે ૨૩ જુનના નોંધાવાયેલ અપહરણ દુષ્કર્મ કેસમાં આરોપી ઓસમાણ ગની સુલેમાન અભડા રહે ભખરીયાને સગીરા સાથે ઝુરા ગામના જંગલ વિસ્તારમાંથી પકડી લઈ સગીરાને મુક્ત કરાવી હતી. તો, ૨૩ જુનના સગીરાનું અપહરણ કરી જવાના કેસમાં પશ્ચિમ કચ્છ પોલીસે સુખપરના આરોપી સલીમ અબ્દુલ જુણેજાને છેક બિહાર રાજયના પંચકોકડી વિસ્તારમાંથી દબોચી લીધો હતો.

પશ્ચિમ કચ્છ પોલીસ સાદા વેશમાં રહીને કરીયાણા, સાકાભજી, મોબાઈલની દુકાનો પર વોચ ગોઠવી હતી. દરમિયાન આરોપી સલીમ પોલીસના હાથે ચડી ગયો હતો. આરોપીના કબ્જામાંથી સગીરાને મુક્ત કરાવી હતી. તે ઉપરાંત નખત્રાણા તાલુકાના કોટડા જડોદરની પરિણીત મહિલાને ભગાડી જનારા ઘડાણી ગામના આરોપી અનવર મામદ નોતિયારને પકડી પાડયો હતો. આમ પશ્ચિમ કચ્છ પોલીસની વિવિધ ટીમોએ અપહરણ દુષ્કર્મના અલગ અલગ બનાવોમાં પાંચ સગીર કધયાઓને બચાવી આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.

જ્યારે જુન માસમાં ૨૨માંથી ૧૩ જ છોકરીઓ મળી આવી છે. જ્યારે નવ હજુ બાકી છે. જ્યારે ૧૪થી ૧૮ વર્ષ અંદરની સગીરાઓમાં જાન્યુઆરી માસમાં ૪નું અપહરણ થયું હતું. એમાંથી એક પરત આવી છે. ફેબ્રુઆરી માસમાં એક સગીરાનું અપહરણ થયું હતું. તો ,માર્ચ માસમાં ત્રણ જેમાંથી એક પરત આવી હતી. એપ્રિલ માસમાં ૬ સગીરાનું અપહરણ થયું હતું. જેમાં ૪ મળી આવી હતી. મે માસમાં એકનું અપહરણ થયું હતું. જેને પરત લાવવામાં આવી હતી. જુનમાં સાત સગીરાઓનું અપહરણ થયું હતું. જે પૈકી ત્રણને મુક્ત કરાઈ જ્યારે ૪ સગીરાઓ બાકી છે. જુલાઈ માસની નવ તારીખ સુધી ચાર સગીર કધયાઓના અપહરણ થયા હતા. જેમાંથી એક પરત મળી આવી હતી. ભુજ નજીકના મીરજાપર ગામેથી ૧૬ વર્ષની સગીર કધયાનું અપહરણ સુખપરનો આરોપી બિહારના પંચકોકડી ગામે લઈ જઈને એક રૂમમાં ગોંધી રાખી હતી. અને પોતે વેલ્ડીંગના કામમાં લાગી ગયો હતો.

ભોગ નાર સગીરા સુખરના સલીમ સાથે ભુજ ક્લાસીસ માટે આવતી હતી. ત્યારે બન્ને વચ્ચે મોબાઈલ ફોન નંબરની આપલે થઈ હતી. જેમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી લીધા બાદ લગ્નની લાલચે અપહરણ કરી ગયો હતો. સગીરાઓના અપહરણના કિસ્સામાં મોટા ભાગે સોશિયલ મીડિયાના માધ્યમથી પરિચય કેળવ્યા બાદ ફોટા નંબરની આપલે, તેમજ આરોપીઓ સગીરાને મોબાઈલ ફોનના રિચાર્જ કરી આપી નીકટતા કેળવીને સાથે ફોટા પડાવી લઈ સબંધ રાખવા મજબુર કરે છે. સગીરાઓનું અપહરણ કરી જાય છે. રાજસ્થાનના જુરહરા પોલીસ સ્ટેશનમાં ૨૯ જુનાના નોંધાયેલા અપહરણના કેસમાં પુક્ત વયની મહિલાને ભાગીને ભુજ આવેલા આરોપી સોયેબ ખરશીદ મીરાશી રહે જુરહરા તાલુકો કામા રાજસ્થાનવાળાને પશ્ચિમ કચ્છ પોલીસે ઝડપી પાડયો હતો.

## ચેન્નાઈ ઘણા રાજ્યોમાં ઈંધણની કિંમતમાં વધારો નોંધવામાં આવ્યો



નવીદિલ્હી

છેલ્લા ઘણા દિવસોથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતોમાં વધઘટની અસર પેટ્રોલ અને ડીઝલની છૂટક કિંમતો પર જોવા મળી રહી છે. આ સાથે વૈશ્વિક ઘટનાઓની પણ સીધી અસર ક્રૂડ ઓઈલના ભાવ પર પડે છે અને દેશમાં પેટ્રોલ અને ડીઝલના દરો બદલાતા રહે છે.દરરોજની જેમ દેશની સરકારી ઓઈલ કંપનીઓએ આજે સવારે ૬ વાગ્યે પેટ્રોલ અને ડીઝલના ભાવની યાદી જાહેર કરી છે. આજે ઘણા રાજ્યોમાં ઈંધણની કિંમતમાં વધારો નોંધવામાં આવ્યો છે, જ્યારે ઘણા રાજ્યોમાં તેલની કિંમતમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં, તમારી કારમાં તેલ ભરતા પહેલા, પેટ્રોલ અને ડીઝલની કિંમત ચોક્કસપણે જાણી લો.

તેલની નવીનતમ કિંમતો વિશે વાત કરીએ તો, ત્રણ મેટ્રો (દિલ્હી, મુંબઈ, કોલકાતા)માં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. જો કે ચેન્નાઈમાં તેલની કિંમતોમાં થોડો વધારો જોવા મળ્યો છે. અહીં પેટ્રોલ ૧૦ પૈસા અને ડીઝલ ૯ પૈસા પ્રતિ લીટર મોંઘુ થયું છે.

દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૪.૭૨ રૂપિયા અને ડીઝલની કિંમત ૮૭.૬૨ રૂપિયા પ્રતિ લીટર છે. -મુંબઈમાં પેટ્રોલની કિંમત ૧૦૩.૪૪ રૂપિયા અને ડીઝલની કિંમત ૮૯.૯૭ રૂપિયા પ્રતિ લીટર છે. -કોલકત્તામાં પેટ્રોલની કિંમત ૧૦૪.૯૫ રૂપિયા અને ડીઝલની કિંમત ૯૧.૭૬ રૂપિયા પ્રતિ લીટર છે. -ચેન્નાઈમાં પેટ્રોલની કિંમત ૧૦૦.૮૫ રૂપિયા અને ડીઝલની કિંમત ૯૨.૪૩ રૂપિયા પ્રતિ લીટર છે. આ ઉપરાંત આંધ્રપ્રદેશ, ગોવા, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ અને મણિપુરમાં પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે.

## ગુજરાતના આઠ જિલ્લામાં કોલેરા ફેલાયો, આરોગ્ય તંત્ર ખડેપગે

અમદાવાદ,

ગુજરાતના આઠ જિલ્લામાં કોલેરા ફેલાયો છે. ગાંધીનગર જિલ્લાના કેટલાક ભાગોમાં કોલેરાના નવા કેસ સામે આવતાં રાજયનું આરોગ્ય વિભાગ હાઈ એલર્ટ પર છે. ગુરુવારે, જિલ્લા કલેક્ટર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ અને આરોગ્ય કર્મચારીઓ સહિતના અધિકારીઓ પરિસ્થિતિની સમીક્ષા કરવા એકઠા થયા હતા. આણંદ, જામનગર અને વડોદરા જેવા જિલ્લાઓમાં પણ કેસ નોંધાયા છે.

રાજ્યના આરોગ્ય વિભાગના અધિક નિયામક (જાહેર આરોગ્ય) ડૉ. નિલમ પટેલે ગટરની પાઈપલાઈન લીકેજને સંબોધવાની તાકીદ પર ભાર મૂક્યો હતો. "કોલેરાનો પ્રકોપ મુખ્યત્વે દૂષિત પાણી અને ખોરાકને કારણે થાય છે. ખોરાકનું દૂષણ સામાન્ય રીતે ચોક્કસ જૂથોને અસર કરે છે, પરંતુ પાણીનું દૂષણ સમગ્ર વિસ્તારોને અસર કરી શકે છે," તેમણે સમજાવ્યું.

ચોમાસાની શરૂઆત સાથે, નિષ્ણાતો ચેતવણી આપે છે કે જો અસરગ્રસ્ત વિસ્તારોમાં સાવચેતી રાખવામાં નહીં આવે તો કેસોની સંખ્યામાં વધારો થઈ શકે છે. સત્તાવાળાઓને રોગના વધુ ફેલાવાને રોકવા માટે તૂટવાની સંભાવના ધરાવતી જૂની, કાટ લાગી ગયેલી પાઈપલાઈનનું નિરીક્ષણ અને સમારકામ કરવા પણ સૂચના આપવામાં આવી છે.

## હજુ પણ કોરોનાના કારણે વિશ્વમાં દર અઠવાડિયે ૧૭૦૦નાં મોત થાય છે

નવીદિલ્હી,

કોવિડ-૧૯નો ભયાનક તબક્કો પસાર થઈ ગયો છે. જો કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને એક આંકડો રજૂ કર્યો છે જે હજી પણ આપણને ડરાવવા માટે પૂરતો છે. ડબ્લ્યુએચઓએ જણાવ્યું હતું કે કોવિડ -૧૯ના કારણે હજુ પણ વિશ્વભરમાં એક સપ્તાહમાં લગભગ ૧૭૦૦ લોકોના મોત થઈ રહ્યા છે. સંસ્થાએ લોકોને રસીકરણ ચાલુ રાખવા માટે પણ વિનંતી કરી છે. ડબ્લ્યુએચઓએના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે રસીકરણની અછતને ધ્યાનમાં રાખીને ચેતવણી આપી છે.યુએન આરોગ્ય એજન્સીના વડાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સતત મૃત્યુ હોવા છતાં, ડેટા દર્શાવે છે કે આરોગ્ય કર્મચારીઓ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં રસીકરણમાં ઘટાડો થયો છે.તેમણે કહ્યું, ડબ્લ્યુએચઓ ભલામણ કરે છે કે સૌથી વધુ જોખમ ધરાવતા જૂથોમાંના લોકોને તેમના છેલ્લા ડોઝના ૧૨ મહિનાની અંદર કોવીડ-૧૯ રસી મળે. ડબ્લ્યુએચઓએ કોવિડને કારણે અત્યાર સુધીમાં૭૦ લાખથી વધુ મૃત્યુની જાણ કરી છે, જોકે કોવિડ રોગચાળાને કારણે મૃત્યુની વાસ્તવિક સંખ્યા ઘણી વધારે હોવાનું માનવામાં આવે છે. વધુમાં, કોવિડ-૧૯એ અર્થવ્યવસ્થાને બરબાદ કરી અને આરોગ્ય પ્રણાલીઓને લકવાગ્રસ્ત કરી દીધી. ડબ્લ્યુએચઓએ સરકારોને વાયરસની દેખરેખ જાળવવા તેમજ લોકોને ભરોસાપાત્ર પરીક્ષણો, સારવાર અને રસી ઉપલબ્ધ હોવાની ખાતરી કરાવવા વિનંતી કરી છે.

## યુનિફોર્મ સિવિલ કોડ રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવ્યો

નવીદિલ્હી

યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવ્યો છે. નિયમો બનાવવા અને અમલીકરણ સમિતિએ શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આ માહિતી આપી હતી. સમિતિના અધ્યક્ષ શત્રુઘ્ન સિંહે પત્રકાર પરિષદ યોજી હતી.

તેમની સાથે સમિતિના સભ્ય એડીજી અમિત સિંહા, સામાજિક કાર્યકર મનુ ગૌર અને દૂન યુનિવર્સિટીના વીસી સુરેખા ડાંગવાલ હાજર હતા. તેમણે કહ્યું, 'લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને યુસીસી રિપોર્ટ સામાન્ય લોકો સાથે શેર કરી શકાયો નથી. હવે આ ચારેય ગ્રંથોનો અહેવાલ અને માર્ગદર્શિકા આજે જાહેર કરવામાં આવી રહી છે.

યુસીસી રિપોર્ટમાં વસ્તી નિયંત્રણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ તે યુસીસીમાં સામેલ નથી. એ જ રીતે, યુસીસી રિપોર્ટમાં દત્તક લેવાના અધિકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે કાયદામાં સામેલ નથી. રિપોર્ટના વોલ્યુમ ૧ અને વોલ્યુમ ૩ જાહેર કરવામાં આવશે.

યુનિફોર્મ સિવિલ કોડ પર સંશોધન રિપોર્ટ ઉત્તરાખંડમાં બહાર પાડવામાં આવશે. જે રિપોર્ટ યુસીસીનો આધાર હતો તે સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. આ પગલાનો હેતુ લોકોને યુસીસી વિશે જાગૃત કરવાનો છે, એવી અપેક્ષા છે કે ઓક્ટોબર મહિના સુધીમાં યુસીસી લાગુ કરવામાં આવશે,યુનિફોર્મ સિવિલ કોડ એ કાયદાના સામાન્ય સમૂહનો ઉલ્લેખ કરે છે જે લગ્ન, છૂટાછેડા, વારસો, દત્તક




અને ઉત્તરાધિકારના સંદર્ભમાં ભારતના તમામ નાગરિકોને લાગુ પડે છે. આ કાયદાઓ ધર્મ અને લિંગ અભિગમને ધ્યાનમાં લીધા વિના ભારતના નાગરિકોને લાગુ પડે છે. સમાન નાગરિક સંહિતા સુનિશ્ચિત કરવાની રાજ્યની ફરજ છે યુનિફોર્મ સિવિલ કોડની વ્યાખ્યા આપણા બંધારણમાં રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોની કલમ ૪૪ હેઠળ કરવામાં આવી છે. તે જણાવે છે કે સમગ્ર ભારતમાં નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા સુનિશ્ચિત કરવાની રાજ્યની ફરજ છે. બીજા શબ્દોમાં આપણે કહી શકીએ કે તેનો અર્થ એક દેશ, એક નિયમ છે.ઉત્તરાખંડ સરકારે ૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ યુસીસી નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આ સાથે ઉત્તરાખંડ યુસીસી લાગુ કરનાર પ્રથમ રાજ્ય બન્યું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની મંજૂરી મળ્યા બાદ યુસીસી લાગુ કરવામાં આવ્યું હતું. આ સાથે, ઉત્તરાખંડમાં લગ્ન, છૂટાછેડા, વારસા અને લિવ-ઈન સંબંધોને લગતા કાયદા સંપૂર્ણપણે બદલાઈ ગયા. આ વર્ષે ફેબ્રુઆરીમાં ઉત્તરાખંડ વિધાનસભામાં સમાન નાગરિકતા સંહિતા પસાર કરવામાં આવી હતી.

## ધાર્મિક સ્વતંત્રતામાં અન્યને કન્વર્ટ કરવાનો અધિકાર સામેલ નથી : અલ્હાબાદ હાઈકોર્ટે

પ્રયાગરાજ,

ધર્માંતરણના આરોપીની જામીન અરજી ફગાવી દેતા અલ્હાબાદ હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું હતું કે કે ધર્મની સ્વતંત્રતાના અધિકારમાં અન્ય લોકોનું ધર્માંતરણ કરવાનો અધિકાર શામેલ નથી. ભારતનું બંધારણ દેશના નાગરિકોને તેમના ધર્મમાં શ્રદ્ધા રાખવાનો, તેનું પાલન કરવાનો અને તેનો પ્રચાર કરવાનો હક આપે છે, પરંતુ ધર્મ પરિવર્તનની મંજૂરી આપતું નથી.શ્રીનિવાસ રાવ નાયકના આરોપીની જામીન અરજી ફગાવી દેતા જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે આ મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યા હતાં. હાઈકોર્ટની ખંડપીઠે જણાવ્યું હતું કે બંધારણ દરેક વ્યક્તિને તેના ધર્મમાં વિશ્વાસ રાખવાનો, પાલન કરવાનો અને તેનો પ્રચાર કરવાનો મૂળભૂત અધિકાર આપે છે. જોકે અંતરાત્મા અને ધર્મની સ્વતંત્રતાના વ્યક્તિગત અધિકારને ધર્માંતરણના સામુહિક હક સુધી વિસ્તૃત કરી શકાય નહીં. ધર્મપરિવર્તન કરતાં હોય તેવા વ્યક્તિ અને ધર્મપરિવર્તન કરાવતા વ્યક્તિ એમ બંનેને ધાર્મિક સ્વતંત્રતાનો સમાન રીતે હક મળે છે. આંધ્રપ્રદેશના વતની શ્રીનિવાસ રાવ નાયક પર કેટલાક હિંદુઓને ખ્રિસ્તી બનાવવા બદલ યુપી પ્રોહિબિશન ઓફ અનલોફુલ કન્વર્ઝન ઓફ રિલિજિયન એક્ટ, ૨૦૨૧ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

## નેપાળમાં વરસાદને કારણે ઉત્તર બિહારની મુશ્કેલીઓ વધી, મોટી નદીઓ ખતરાના નિશાનથી ઉપર

પટણા,

નેપાળના તરાઈ વિસ્તારોમાં વરસાદને કારણે ઉત્તર બિહારના અનેક જિલ્લાઓમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. બિહારની તમામ નદીઓ વહેતી થઈ ગઈ છે. નેપાળમાં વરસાદને કારણે તમામ નદીઓના જળસ્તરમાં વધારો થયો છે. વાલ્મિકી નગર બેરેજ પાસે ગંડક નદીમાં પાણીનું સ્તર ફરી એકવાર વધ્યું છે, જેના કારણે અનેક જિલ્લાઓમાં ફરી ગંડકનું પાણી વધવાની સંભાવના છે. ગોપાલગંજમાં ગંડક નદીનું જળસ્તર ફરી વધવા લાગ્યું છે. જેના કારણે જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં પાણીથી ઘેરાયેલા અનેક ગામોના લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. મોટાભાગના લોકોએ ઉંચી જગ્યાઓ પર આશ્રય લીધો છે.વહીવટી સ્તરે પાળાનું મોનિટરિંગ વધારવામાં આવ્યું છે. પશ્ચિમ ચંપારણના ઘણા ગામોમાં પણ પૂરનો ખતરો વધી ગયો છે. પશ્ચિમ ચંપારણ અને ગોપાલગંજ ઉપરાંત, મધુબની, સીતામઢી, ખગરિયા, પૂર્ણિયા અને ઉત્તર બિહાર અને સીમાંચલ પ્રદેશોના અન્ય જિલ્લાઓના ઘણા ગામોમાં પૂરના પાણી પ્રવેશ્યા છે.



જળ સંસાધન વિભાગ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યની મુખ્ય નદીઓના જળસ્તરમાં વધઘટ જોવા મળી રહી છે. જો કે, ઘણી નદીઓએ વિવિધ સ્થળોએ ખતરાના નિશાનને વટાવી દીધું છે. વિભાગના જણાવ્યા અનુસાર, ગુરુવારે સવારે ૧૦ વાગ્યે વીરપુર બેરેજ પર કોસી નદીનું પાણી ૧,૭૬,૫૮૦ ક્યુસેક હતું. જ્યારે બપોરે ૨ વાગ્યે ૧,૭૩,૯૯૫ ક્યુસેક નોંધાયું હતું. ગંડક નદીના વાલ્મીકીનગર બેરેજ ખાતે ગંડકનો પ્રવાહ ગુરુવારે સવારે ૧૦ વાગ્યે ૨,૦૬,૪૦૦ ક્યુસેક હતો, જે બપોરે ૨ વાગ્યે વધીને ૨,૩૩,૦૦૦ ક્યુસેક થયો હતો.અન્ય નદીઓમાં પણ જળસ્તર વધી રહ્યું છે. ગંડક, કોસી, બાગમતી, કમલા બાલન અને મહાનંદા ઘણી જગ્યાએ લાલ નિશાનથી ઉપર વહી રહ્યા છે. જયનગર અને ઝાંઝરપુર રેલ બ્રિજ પાસે કમલા બાલન નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. જ્યારે બેનિયાબાદમાં બાગમતી ખતરાના નિશાનથી ઉપર છે. ધેંગરા ઘાટ પાસે મહાનંદા નદીએ લાલ નિશાન વટાવી દીધું છે. જ્યારે, ડુમરિયા ઘાટ પર કોસી બલતારા અને ગંડકમાં ખતરાના નિશાનથી ઉપર છે.ગંગા નદીના જળસ્તરમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. પટના હવામાન વિભાગે આગામી ૨૪ કલાક દરમિયાન કિશનગંજ, અરરિયા, સુપૌલ જિલ્લામાં એક-બે સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. પટના, ભોજપુર, વૈશાલી, જહાનાબાદ, અરવાલ, ઔરંગાબાદ, રોહતાસ, નાલંદા, શેખપુરા સહિત ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## સ્માર્ટ મીટર નહીં લગાડવા ઊર્જા પ્રધાનને પાટણના ધારાસભ્યે પત્ર લખી માંગ કરી



પાટણ,

પાટણના ધારાસભ્ય દ્વારા હવે સ્માર્ટ મીટરને લઈ વિરોધ દર્શાવવામાં આવ્યો છે. ધારાસભ્ય ડો. કિરીટ પટેલ દ્વારા ઊર્જા પ્રધાનને પત્ર લખવામાં આવ્યો છે. તેઓ પત્ર લખીને રાજયમાં સ્માર્ટ મીટર અંગેનો વિરોધ ચાલી રહ્યો છે. રાજયમાં હાલમાં સ્માર્ટ મીટર લગાવવાનું હાલમાં બંધ કરવામા આવેલ છે. ઊર્જા સચિવ દ્વારા પણ આ અંગેની જાહેરાત કરવામા આવી છે.

આમ છતાં પાટણ શહેરમાં સ્માર્ટ મીટર લગાવવાની સૂચના ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા અપાઈ હોવાનો દાવો કરી ધારાસભ્ય દ્વારા પાટણ શહેર અને જિલ્લામાં સ્માર્ટ મીટર નહીં લગાવવા માટે પત્રમાં જણાવ્યું છે.

## છેતરપિંડીના નાણાં ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરી વિદેશ મોકલનારા ૧૩ આરોપી ઝડપાયા

અમદાવાદ,

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં દુકાન ભાડેથી રાખીને લોકોને ઉંચુ કમિશન આપવાની લાલચ આપીને છેતરપિંડી કરનારા ૧૩ શખ્સોની સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી છે. આરોપીઓઓ લોકોને કમિશનની લાલચ આપી તેમના બેંક એકાઉન્ટ મેળવીને છેતરપિંડીથી મેળવેલા નાણા ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરાવી દેશની બહાર મોકલી દેતા હોવાની ચોંકાવનારી માહિતી તપાસમાં બહાર આવી છે.પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ કૃષ્ણનગરમાં વિજય પાર્ક ચાર રસ્તા પાસે મારૂતી પ્લાઝામાં ગ્રાઉન્ડ ફ્લોર પર તથા બીજે માળે દુકાનો ભાડે રાખી હતી.ત્યારબાદ આરોપીઓ તેમના મળતીયા માણસો સાથે મળીને લોકોને કમિશન આપવાની લાલચ બતાવીને તેમની પાસે બેંક એકાઉન્ટ ખોલાવડાવ્યા હતા. ત્યારબાદ આરોપીઓ આ બેંક એકાઉન્ટની વિગતો મેળવી લેતા હતા. આ વિગતો તેઓ સાયબર ક્રાઈમ આચરતા લોકોને મોકલી આપતા હતા. આ શખ્સો છેતરપિંડીથી મેળવેલા નાણાં જમા કરવાતા હતા.બાદમાં બેંક એકાઉન્ટ હોલ્ડર સાથે જઈને આ નામાં મેળવી લેતા હતા. આ નાણાં તેઓ ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરાવીને દેશની બહાર મોકલી દેતા હતા. આ પ્રકારે મસમોટુ કૌભાંડ આચરતા ૧૩ શખ્સોની સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી છે. તેમની પુછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવશે, એમ પોલીસે જણાવ્યું હતું. તે સિવાય આ પ્રકારે આરોપીઓએ આ પ્રકારે મોટી રકમની છેતરપિંડી કરી હોવાની માહિતી પણ બહાર આવશે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# બાલાસિનોર નગરપાલિકાએ જર્જરિત મકાનો ઉપર લગાવેલ નોટીસમાં છબરડો

**ગત વર્ષે પાલિકાએ જોખમી મકાનના ફક્ત ૧ જ વપરાશકર્તાને નોટિસ પાઠવી હતી અને આ વર્ષે ફક્ત ૬ મકાનોને નોટીસ પાઠવી. ગત વર્ષ ૨૦૨૪ના ચોમાસા પૂર્વે સર્વે કરી પટેલવાડા વિસ્તારમાં જર્જરિત અને જોખમી મકાન ના વપરાશકર્તાને નોટિસ પાઠવી હતી. આ વર્ષે પંદર દિવસ પહેલા સર્વે કરવામાં આવ્યો. પરંતુ તાલુકા મથક બાલાસિનોર નગરમાં પાલિકાને ફક્ત ૬ જ મકાન જર્જરિત દેખાયા.**

**લ્યો બોલો... આ વર્ષે પાલિકાએ જર્જરિત મકાનો ઉપર લગાવેલ નોટીસમાં પણ છબરડો બાલાસિનોર નગરનાઅનેક વિસ્તારોમાં જર્જરિત મકાનો આવેલા છે, પરંતુ પાલિકા દ્વારા કરવામાં આવેલ સર્વેમાં ૬ જ મકાન જર્જરિત દેખાયા હતા. અને તે ૬ મકાન ઉપર લગાવેલ નોટિસ માં પણ જાવક નંબર, વર્ષ સહિત સરનામું લખવામાં છબરડો કરતા જર્જરિત મકાન માલિકો અસમંજસમાં મુકાયા હતા.**

બાલાસીનોર,

બાલાસિનોર નગરના અલગ અલગ વોર્ડમાં જર્જરિત મકાનો, બિલ્ડિંગો ઘણા મહિનાઓથી જોખમી હાલતમાં છે. આવા ભયજનક મકાનો અને બિલ્ડિંગની આસપાસ રહેતા લોકો અકસ્માતનો ભય સેવી રહ્યા છે. રાજ્યમાં ચોમાસા પૂર્વે જર્જરિત મકાનોનો સરવે કરી તેને ઉતારી લેવાની નોટિસ આપવા સહિતની કામગીરી કરાતી હોય છે. ત્યારે બાલાસિનોર નગરપાલિકા દ્વારા થોડાક દિવસો પહેલા તાલુકા મથક ગણાતા બાલાસિનોર નગરમાં આવેલ ફક્ત ૬ જર્જરિત મકાનો ઉપર નોટિસ લગાવી સર્વેની કામગીરી પૂરી કરી હતી. જે નોટીસમાં જાવક નંબર, વર્ષ સહિત દરેક નોટીસમાં એક જ સરનામું લખી છબરડો કરેલ છે. પાલિકાએ જર્જરિત મકાનોનું વર્ષ ૨૦૨૪માં સર્વે કર્યું અને નોટીસમાં વર્ષ ૨૦૦૬ લખવામાં આવ્યું તેમજ દરેક નોટીસમાં એક જ સરનામું લખતા જર્જરિત મકાન માલિકો અસમંજસમાં મુકાયા હતા. તેમજ નોટીસમાં જણાવ્યા મુજબ ૭ દિનમાં મકાન જર્જરિત મકાન ઉતારવામાં ન આવે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જણાવ્યું હતું. ત્યારે આટલા દિવસો થઈ ગયા હોવા છતાં જર્જરિત મકાનો ન ઉતારાતા પાલિકા કોઈ મકાન પડે તેની રાહ જોઈ રહી હોવાનું સામે આવ્યું છે. ત્યારે નગરપાલિકાએ જર્જરિત મકાનો ઉપર લગાવવામાં આવેલ નોટીસમાં વેઠ ઉતારી હોવાનું સામે આવ્યું છે.

# સંતરામપુર નગરપાલિકા દ્વારા નગરના વિવિધ દુકાનોમાં હોટલોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું : પ્લાસ્ટિક પર પ્રતિબંધ હોવા છતાં યુઝ કરતા દંડ વસૂલ કરાયો



સંતરામપુર,

સંતરામપુર નગર પાલિકા દ્વારા સ્વચ્છ ભારત સ્વચ્છ મિશન હેઠળ નગરમાં આવેલી હોટલો દુકાનો ખાણીપીણી લારી ઉપર ચેકિંગ હાથ ધરવામાં આવેલું હતું. ખાદ્ય પદાર્થો પર ઢાંકને રાખવાનો અને નિયમ મુજબના નિયમોનું પાલન કરવા માટેનો પાલિકાના કર્મચારી દ્વારા ન ચીફ ઓફિસર દ્વારા સુચના આપવામાં આવેલી હતી. પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ હોવા છતાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા પકડાતા આશરે ૧૧,૦૦૦ જેટલો દંડ પણ વસૂલ કરવામાં આવેલો હતો અને મુદ્દા માલ કબજે કરવામાં આવેલો હતો. સરકારના નિયમ મુજબ ધારણા મુજબ હોટલ ચા ની કીટલી નાસ્તાની દુકાનો દરેક જગ્યાએ જાહેરમાં કચરો નાખવો નહીં સ્વચ્છતા જાળવવી ડસ્ટબીનનો ઉપયોગ કરવો આજુબાજુ કચરો ફેકવો નહીં અને પાલિકા દ્વારા દરેક નાસ્તાની દુકાન ઉપર લારી ઉપર ચાની કીટલી પર દિવસમાં બે વાર મોનેટરી પણ કરવામાં આવશે. જો નિયમોનું પાલન નહીં કરવામાં આવે તો કાયદેસર ૧૮ વસૂલ કરવામાં આવશે અને સ્વચ્છતા જાળવવામાં નહીં આવે અને ગંદકી જોવાશે તો કડક કાર્ય કરવાનું પણ જણાવવામાં આવેલું હતું. સંતરામપુરના ચા નાસ્તાની લારી અને દુકાનો જાહેરમાં ગંદકી કરવી નહીં ડસ્ટબીનનો ઉપયોગ કરવો. આમ, તમામ વસ્તુઓનો પાલન કરવો પડશે જો નિયમોનું પાલન નહીં કરે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને દંડ પણ વસૂલ કરવામાં આવશે. :- નગરપાલિકાના ચીફ ઓફિસર, દીપસિંહ હઠીલા.

# પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ હેઠળ લાભ મેળવતા ખેડુતોએ ઈ-કે.વાય.સી. કરાવવાનું રહેશે

નડિયાદ,

ખેડા જીલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ (પી.એમ.કિસાન) યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારને પ્રતિ વર્ષ ત્રણ સમાન હપ્તામાં રૂ.૬૦૦૦ની સહાય તેમના ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (ડી.બી.ટી. બેંક ખાતાના માધ્યમથી ચુકવવામાં આવે છે. કેન્દ્ર સરકારની વર્તમાન સુચના અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ફરજીયાત પોતાના પી.એમ.કિસાન ખાતામાં ત્રણ વિગતો અપડેટ કરવી જરૂરી છે. જેમાં લેન્ડ સીડિંગ એટલેકે જમીનની વિગતો અપડેટ કરાવવી, બેંક ખાતા સાથે આધાર સિડિંગ તથા ડી.બી.ટી. ઈનેબલ કરાવવું અને ઇ-કે.વાય.સી. કરાવવું.

જે ખેડૂતોને પી.એમ.કિસાનની સહાય બંધ થઇ ગઈ હોય તેમણે આ ત્રણ વિગતો અપડેટેડ છે કે નહિ તે ચેક કરવાનું રહે છે. જેથી લાભ મેળવતા ખેડૂતે પી.એમ.કિસાન. વેબ સાઈટ પર આ વિગતો ચેક કરી લેવાની રહે છે અથવા આ માટે ગ્રામ પંચાયતના વી.સી.ઈ. મારફત અથવા ગ્રામ સેવકની સહાય મેળવી તેમના મારફત આ વિગતો ચેક કરાવી શકાય છે. જો ઉપરોક્ત ત્રણ વિગતોની સામે (૧) LAND SEEDING - NO (જમીનની વિગતો) બતાવે તો અપડેટ કરવા માટે આપની તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો. (૨) બેંક સાથે આધાર સિડિંગ કરાવવા અને ડી.બી.ટી. ઇનેબલ માટે આપનું બેંક ખાતું હોય તે બેંકનો સંપર્ક કરવો તથા આપની નજીકની ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (પોસ્ટ ઓફીસ)નો સંપર્ક કરીને આધાર લીંક બેંક એકાઉન્ટ ખોલાવી શકાશે.(૩) ઈ-કે.વાય.સી. કરાવવા માટે જે તે ગામના ગ્રામ સેવકનો સંપર્ક કરવો અથવા આપના ગામના આવી.સી.ઈ.નો સંપર્ક કરીને આ વિગતો અપડેટ કરી શકશે. આ માટે લાભાર્થીએ આધાર કાર્ડ અને આધાર લીંક મોબાઈલ નંબર તેમજ રૂબરૂ હાજરી જરૂરી રહેશે. આ અંગેની વધુ માહિતી માટે તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત કચેરી અને વિસ્તરણ અધીકારે (ખેતી)નો અથવા ગ્રામ્યકક્ષાએ સંબધિત ગ્રામ પંચાયત કચેરીના વી.સી.ઈ અથવા ગ્રામ સેવકનો સંપર્ક કરવા આથી જાહેર જનતાને જીલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવવામાં આવે છે.

## જન્મ દિને ચોકલેટ નહી પણ ચકલી માટે ચણ

# કપડવંજ તાલુકાની નવા બોભા પ્રાથમિક શાળામાં બાળકોના જન્મ દિનની ઉજવણીની



નડિયાદ,

આપણા ઘરમાં કે મિત્ર વર્તુળમાં કોઈનો જન્મ દિવસ હોય તો તેની ઉજવણી સામાન્ય રીતે આપને હોટલ કે પાર્ટી પ્લોટમાં પરિવાર સાથે સંગીતની મોજ અને કેક કાપી કરતા હોઈએ છીએ. પરંતુ કોઈ વ્યકિત પોતાના પૌત્રના જન્મ દિવસની ઉજવણી પોતાના વતનથી અંદાજે ૬૫ કી.મી. દૂર જઈ કોઈ પ્રાથમિક શાળામાં કરે તે વાત પ્રથમ નજરે તો માની જ ના શકાય.

પરંતુ હા, આ માની શકાય એવી વાત છે. હવે વાત એમ છે કે, નડિયાદના વિદેશમાં વસતા જસિતભાઈ વિઠ્ઠલભાઈ પટેલે સોશ્યલ મીડિયાના માધ્યમથી ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ઉપર નવા બોભા પ્રાથમિક શાળાની પ્રકૃતિના જતન અંગેની માહિતી વાંચી. શાળામાં જે બાળકનો જન્મ દિવસ હોય તે બાળક જન્મદિવસની ઉજવણી ચોકલેટ કે કેક કાપીને નહી પરંતુ પક્ષીઓ માટે ચણ લઈને બાળકો શાળામાં આવે છે. આ કાર્ય તેમને ખૂબ જ ગમ્યું અને તેમાંથી પ્રેરણાથી જસિતભાઈ પોતાના પૌત્ર નીલ ઉદયભાઈ પટેલના જન્મ દિવસે પોતાના ગામથી ૬૫ કિલોમીટર દૂર કપડવંજ તાલુકાની નવા બોભા પ્રાથમિક શાળામાં આવી પક્ષીઓને ચણ માટેનું અનાજ આપી પૌત્ર નીલના જન્મ દિવસની બાળકો સાથે અનોખી રીતે ઉજવણી કરી હતી. જસિતભાઈ એન.આર.આઈ. હોવા છતાં જીવદયાની ભાવનાથી પ્રેરાઈને પશ્ચિમી સંસ્કૃતિના રંગે ન રંગાતા ભારતીય સંસ્કૃતિને અનુરૂપ શાળાના બાળકોની સાથે, પ્રકૃતિના સાંનિધ્યમાં પૌત્રનો જન્મદિવસ ઉજવી પ્રકૃતિ જતન અને પક્ષી પ્રેમનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. જસિતભાઈએ શાળાને રૂ.પાંચ હજારનું દાન પણ આ અવસરે કર્યું હતું.ખેડા જીલ્લાના કપડવંજ તાલુકાની નવા બોભા પ્રાથમિક શાળામાં "પ્રકૃતિનું જતન" પ્રોજેક્ટ છેલ્લા બે વર્ષથી ચાલે છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ પ્રકૃતિના જતન સાથે બાળકોમાં પક્ષી પ્રેમ વધે તેવો છે. આ હરિયાળી શાળામાં પક્ષીઓને પાણી પીવા માટે કુંડા તથા એમાંય ખાસ કરીને ચકલીઓના ખોરાક માટે ચણની વ્યવસ્થા કરવામાં આવે છે. ગ્રામજનો અને બાળકોના સહયોગથી ચકલીઓને લુપ્ત થતી અટકાવવા સરાહનીય પ્રયાસો આ શાળા દ્વારા કરવામાં આવી રહ્યા છે.

નવા બોભા પ્રાથમિક શાળામાં બાળકો જન્મ દિવસ "આજનો દીપક" તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે સામાન્યતઃ જન્મ દિવસે દરેક બાળક ચોકલેટ વહેચતા હોય છે, જન્મ દિન નિમિત્તે ચોકલેટની જગ્યાએ દરેક બાળક શાળામાં ચકલીઓ માટે ચણ લઈને આવે છે અને ચકલીઓને ચણ નાખી અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરે છે. બાળકોમાં પક્ષી પ્રત્યે પ્રેમ વધે અને પ્રકૃતિનું જતન કરતા થાય તેવા સરાહનીય પ્રયાસો નવા બોભા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવી રહ્યા છે, જે સરાહનીય છે.

# શહેરા પોલીસે ૬ જેટલી ચોરીની બાઈકો સાથે ૪ ઈસમોને ઝડપ્યા

શહેરા,

શહેરા પોલીસે ૬ બાઈક સાથે ચાર ઈસમોને ઝડપી પાડ્યા હતા. આરોપીઓએ મહીસાગર, વડોદરા અને પંચમહાલ જીલ્લામાંથી છ જેટલી બાઈકની ચોરી કરી હતી.

શહેરા નગર અને તાલુકામાં બાઈક ચોરીના ગુના પોલીસ મથક ખાતે નોંધાઈ રહ્યા હોવાથી પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુત દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને એક ટીમ બનાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસને ખાનગી રાહે માહિતી મળતા ખરોલી ગામના કલ્પેશ પરમારને પોલીસ મથક ખાતે લાવીને કડક પૂછપરછ કરતા બાઈકની ચોરી કરી હોવાનું કબુલ કરવા સાથે તેને ચોરી કરેલ બાઈક કયા વેચી હોવાની માહિતી પણ પોલીસને આપી હતી. પોલીસે આરોપીને સાથે રાખીને અલગ અલગ જગ્યાએથી ચોરી કરેલી બાઈકોની રીકવરી કરી હતી. પોલીસ દ્વારા મહીસાગર, વડોદરા અને પંચમહાલ જીલ્લા માંથી ચોરી થયેલ છ જેટલી મોટર સાયકલના ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો હોવા સાથે ચાર આરોપીઓને પકડી પાડીને વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. આ બાઈક ચોરીના ગુનાનો મુખ્ય આરોપી કલ્પેશ ઉર્ફે ભચલી ઉદાભાઈ પરમાર આ પહેલા પણ ડાકોર અને બાલાસિનોર પોલીસ મથક ખાતે બાઈક ચોરીના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. બાઈક ચોર કલ્પેશ પરમાર જેલમાંથી છૂટ્યા બાદ પોતાના મોજ શોખ પુરા કરવા ફરીથી બાઈક ચોરી કરવા માંડ્યો હોય પરંતુ પોલીસની બાજ નજર હોવાથી પાછા જેલના સળિયા ગણવાનો વાળો આવ્યો હતો. પોલીસ દ્વારા આ બાઈક ચોરીના ગુનામાં પકડાયેલા આરોપીઓની હાલમાં પણ પૂછપરછ કરાઈ રહી હોય ત્યારે અન્ય ચોરીના ગુનાના ભેદ ઉકેલાય તેવી શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી. પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપૂત અને સ્ટાફના મહેનતના કારણે બાઈક ચોરીના રીઢા ગુનેગારને પકડી પાડવામાં સફળતા મળવા સાથે પોલીસ દ્વારા ચોરીમાં પકડાયેલી નંબર પ્લેટ વગરના વાહનના ચેચીસ નંબરના આધારે આરટીઓ માંથી માહિતી મેળવીને બાઈક માલિક સુધી પહોંચવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

# સંજેલીના બોડીયાભીત મધ્યાહન ભોજન કેન્દ્રમાં વિધવા મહિલાને સંચાલકનો ઓર્ડરમાં અન્યાય

સંજેલી,

સંજેલી તાલુકાના બોડીયાભીત ખાતે આવેલી મધ્યાહન ભોજન સંચાલકની ભરતીમાં સંજેલી મામલતદાર જે.પી.પટેલે નિવૃત્ત થતાં સંચાલકની ભરતીમાં સરકારના પરીપત્રના નિયમોને નેવે મુકી અને વિધવા મહિલાઓ સાથે ઘોર અન્યાય કરી નાણાંની લેવડ-દેવડ અને ખોટી રીતે સંચાલકની ભરતીના ઓર્ડરો કરતા ચારે કોર વિરોધ વંટોળ જોવા મળી રહ્યો છે.

બોડીયાભીત ખાતે ભરતી થયેલ સંચાલકની સાસુ આંગણવાડી કેન્દ્રની વર્કર, સસરા આ જ શાળામાંથી સંચાલકમાંથી રિટાયર્ડ થયા છે. તેમ છતાં પણ વિધવા બહેન સાથે મામલતદારે અન્યાય કરી અને નોકરી કરનાર પરિવારની મહિલા સભ્યને સંચાલિતા તરીકે નિમણુંક પત્ર આપવામાં આવ્યો છે. અને વિધવા બહેન સાથે અન્યાય કરવામાં આવ્યો છે. બોડીયાભીત સંચાલક કેન્દ્રની ભરતીમાં ત્રણ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં એક વિધવા મહિલા ડામોર મંજુલાબેન રમેશભાઈ બારીયા, પ્રિતેશ વરસીંગ બારીયા અને વીણા પ્રિતેશ પતિ-પત્નિ મળી માત્ર વિધવા મહિલા સાથે ત્રણ જ ઉમેદવારો હતા. અને સરકારના નિયમ પ્રમાણે વિધવા મહિલાને પ્રાયોરિટી પ્રથમ આપવાની હોય છે. તેમ છતાં પણ વિધવા મહિલાને ઓર્ડર આપવામાં આવ્યો નથી. તેની સામે વિધવા મહિલાએ સંજેલી મામલતદાર અને ઝાલોદ પ્રાંત અધિકારીને લેખિતમાં રજુઆત કરી છે.

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલના વિદ્યાર્થીઓ દ્વારા સામાજીક પરિપ્રેક્ષ્યમાં યોજાઈ વિભિન્ન સ્થળોની મુલાકાત




નડિયાદ,

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલના સમાજશાસ્ત્ર વિભાગ, રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને ઇનોવેશન ક્લબના સંયુક્ત ઉપક્રમે કઠલાલ તાલુકાના વિભિન્ન માળખા જેમ કે, પોલીસ સ્ટેશન, ન્યાયાલય, નારી અદાલત અને વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની સામાજીક પરિપ્રેક્ષ્યમાં મુલાકાત કરવામાં આવેલ. આજના યુવાનો અને ખાસ કરીને સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ માત્ર પુસ્તકિયું જ્ઞાન મેળવવાને સ્થાને વાસ્તવિક અર્થમાં પોતાના વ્યવહારિક જીવનમાં વિભિન્ન સામાજીક વજૂદ ધરાવતા ભિન્ન પાસાંઓને સામાજીક પરિપ્રેક્ષ્યમાં સમજે તેમજ સમાજશાસ્ત્રને પોતાના વ્યવહારિક જીવનમાં મૂકતા શીખે તેવા ઉમદા હેતુથી આ મુલાકાતનુ આયોજન કરવામાં આવેલ. સૌપ્રથમ (જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ) JMFC કોર્ટની મુલાકાત થકી વિદ્યાર્થીઓ ન્યાયાલયની કાર્યપદ્ધતિથી વાકેફ થાય હતા, તેમજ વિશેષપણે સામાજીક સંદર્ભે કેવા પ્રકારના કેસ આવતા હોય છે ? તે અંગેની વિશેષ સમજૂતી રજીસ્ટ્રાર જયેશભાઈ જાદવ દ્વારા વિદ્યાર્થીઓને અપાયેલ. પોલીસ સ્ટેશનની મુલાકાત દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર કે.ડી.ભીમાણી દ્વારા વિદ્યાર્થીઓને વિભિન્ન ગુનાઓ અને ખાસ કરીને મહિલાઓ સંબંધિત ગુનાઓ અને સાયબર ક્રાઈમ જેવા સાંપ્રત સમાજને સ્પર્શતા મુદ્દાઓ પર માર્ગદર્શિત કરાયા હતા. નારી અદાલત, કઠલાલના તાલુકા કોઓર્ડીનેટર . પારૂલબેન પટેલ દ્વારા વિદ્યાર્થિઓને વિભિન્ન મહિલાલક્ષી કાયદાઓ અંગેની સમજૂતી આપી નારી અદાલતની ભૂમિકા તેમજ ઉદ્દેશ અને કામગીરી પોતાના અનુભવો થકી રોચક શૈલીમાં સમજાવવામાં આવેલ. જ્યારે વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, કઠલાલના સામાજીક કાર્યકર દિનાબેન દ્વારા વિદ્યાર્થીઓને વિભિન્ન મહીલાલક્ષી યોજનાઓ અને વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની કામગીરી અંગેની માહિતી આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સુચારૂં આયોજન અને સંચાલન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને ઈનોવેશન ક્લબના કોઓર્ડીનેટર પ્રા. ડો. પલ્લવીકા ભટ્ટ તેમજ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક અને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડો.પરેશ પટેલ દ્વારા કરવામાં આવેલ.

# ખાનપુર તાલુકામાં ૧૪૬ આંગણવાડીઓમાંથી ૩૯ આંગણવાડી પાસે પોતાનુ બિલ્ડિંગ નથી

ખાનપુર,

મહિસાગર જિલ્લામાં સૌથી વધુ ભ્રષ્ટાચાર ખાનપુર તાલુકામાં થતો હોવાની બુમો વચ્ચે તાલુકાના આંગણવાડીના બાળકોને યોગ્ય ભણતર તાલુકામાં મળતુ નથી. ખાનપુર તાલુકાના ૮૫૦૦ નાના ભુલકાઓ વિવિધ આંગણવાડીઓમાં અભ્યાસ કરે છે. તાલુકામાં ૧૪૬માંથી ૩૯ આંગણવાડી જર્જરિત હાલતમાં છે. જેથી બાળકોને ભાડાના મકાનો સહિત અન્ય જગ્યા ઉપર બેસાડવામાં આવી રહ્યા છે. જેથી ૩૯ આંગણવાડીઓના બાળકોને ખાનગી જગ્યાઓમાં બેસાડવામાં આવે છે.

તાલુકાની જર્જરિત આંગણવાડીઓને નવીન મનરેગા હેઠળ બનાવવાની મંજુરી મળી ગઈ છે. પણ મનરેગાનો ખાનગી કોન્ટ્રાકટર આંગણવાડી બનાવવામાં વિલંબ કરતો હોવાનુ બાકોર સીડીપીઓ જણાવી રહ્યા છે. ત્યારે બાળકોને ખુલ્લામાં બેસાડતા ચોમાસામાં સાપનો ડર સતાવી રહ્યો છે. આ બાળકો મંદિરમાં, ડેરીમાં, કાચા મકાનમાં બેસે છે. તો કયાંક હજુ આંગણવાડી બની નથી. એક જગ્યાએ કાચા મકાનમાં તો લાઈટ પણ નથી. ખુલ્લામાં ખાદ્ય સામગ્રી, રમત-ગમતના સાધનો અને ફાયર સેફટીના સાધનો પણ નથી. નાના ખાનપુરની બનતી નવીન આંગણવાડીની કામગીરી પુર્ણ થઈ નથી. અને છતમાંથી પાણી ટપકી રહ્યુ છે. જયારે ચણાસેરો આંગણવાડીના બાળકો ડેરીમાં બેસે છે. તાલુકાની કેટલીક આંગણવાડીઓમાં બાળકોને જમવાનુ અપાતુ ન હોવાના પણ આક્ષેપો ગ્રામજનોએ કર્યા છે.

# વિરપુર તાલુકામાં ખાણ દાણ યોજનાના ૨૦૦૦ પશુપાલકોનુ રજીસ્ટ્રેશન

વિરપુર,

રાજય સરકારની ગાભણ પશુ ખાણ દાણ યોજના વિયાણ બાદ ખાણ દાણ યોજનામાં ગાભણ અને તેના વિયાણ બાદ સરકાર દ્વારા પશુ માવજત પશુ પાલકો વધુ સારી રીતે કરી શકે અને આર્થિક રીતે તેમને સહાય થઈ શકે સાથે પશુને મળતા આહારથી પશુ તંદુરસ્ત રહે જેનાથી પશુ પાલકોને પણ આર્થિક ફાયદો રહે તે હેતુ ખાણ દાણ યોજના મુકવામાં આવેલ છે. જેનાથી પશુ પાલકોને પોતાના પશુની માવજત કરવામાં ખુબ લાભદાયી બની રહે છે. આ યોજનામાં પશુ પાલકોને સરકાર દ્વારા ૧૫૦ કિલો દાણ વિના મુલ્યે આપવામાં આવશે. જેનુ રજીસ્ટ્રેશન ઓનલાઈન ૧૫ જુનથી ૧૫ જુલાઈ સુધી આઈ ખેડુત પોર્ટલ પર કાર્યરત કરેલ છે. તેમાં પશુપાલકે નોંધણી કરવાની થાય છે ત્યારબાદ ગાભણ પશુની ફાગવેલ અને વિયાણ પશુની તાલુકા મથક વિરપુરના પશુ દવાખાને કોપી આપવાની રહેશે પાત્રતા ધરાવતા પશુપાલકોને આ સહાય મળવાપાત્ર હોય છે જયારે આ સહાય દાણનુ વિતરણ સ્થાનિક દુધ સહકારી મંડળીમાંથી પશુપાલકોને મળી રહેશે તે એક સારી સુવિધા પુરી પાડવામાં આવતી હોય છે. તાલુકામાં અત્યાર સુધીમાં ૨૦૦૦ પશુપાલકો દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા છે અને હજુ વધવાની શકયતા રહેલી છે.

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

વૃષભઃ આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે, જેના કારણે થોડી ખોટ રહેશે. પરંતુ સ્વાર્થને લીધે લોકો તમારી ભૂલને અવગણી શકે છે.

મિથુનઃ ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

કર્કઃ વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

સિંહઃ ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યાઃ આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે, પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

તુલાઃ આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિકઃ આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધનઃ ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. આજે તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થશે.

મકરઃ કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે. સમાજમાં શુભ ખર્ચાને કારણે તમારી ખ્યાતિ વધશે અને સામાજિક વર્તુળમાં પણ વધારો થશે.

કુંભઃ આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ઘસારાને લીધે તમે શારીરિક નબળાઈ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

મીનઃ કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

# દાહોદમાં સામાજીક વનીકરણ વિભાગના DCF એ અગમ્ય કારણોસર ઘરના બેડરૂમમાં બંદૂકના ભડાકે આત્મહત્યા કરતા ખળભળાટ



દાહોદ,

દાહોદ જીલ્લામાં ૨૦૧૭માં IFS (ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ) તેમજ સામાજીક વનીકરણ વિભાગના નાયબ સંરક્ષક (DCF) તરીકે ફરજ બજાવતા રમેશ પરમારે અગમ્ય કારણોસર આજરોજ વહેલી સવારે ઘરના બેડરૂમમાં તેમના પાસેની બંદૂક વડે માથામાં ગોળી મારી આત્મહત્યા કરી લેતા વન વિભાગ સહિત સમગ્ર દાહોદ જીલ્લામાં ખળભળાટ પછી જવા પામ્યો છે. સ્વભાવે શાંત અને ભકિતભાવમાં રહેનારા રમેશ પરમાર ગઈકાલે ખજુરીયા ખાતે ગયા હતા. જ્યાંથી મોડી રાતે જેવી પરવારીને ઘરે આવ્યા હતા. ત્યારબાદ વહેલી સવારે અચાનક બંદૂકનો અવાજ સંભળાતા પરિવારજનો દોડી આવ્યા હતા. અને તેઓ મૃત હાલતમાં જોવા મળતા સૌ કોઈ ડઘાઈ ગયા હતા. પરિવારજનોએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યારબાદ ઘટનાની જાણ દાહોદ એ ડિવિઝન પોલીસને થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ દાહોદના બાવકા ગામના આર.એમ.પરમાર દાહોદની આર.એન્ડ એલ. પંડ્યા હાઈસ્કૂલમાં અને કોલેજમાં અભ્યાસ કર્યા બાદ ગુજરાત વન વિભાગ સાથે જોડાયા હતા અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RF0) બન્યા, બાદમાં ક્રમશઃ બઢતી પામતાં ૨૦૧૧ માં સબ DFO બન્યા અને ૨૦૧૭ થી DFO (ડિસ્ટ્રીક ફોરેસ્ટ ઓફિસર) તરીકે સેવા નિયુકત થયા અને સંનિષ્ઠ સેવાના ભાગરૂપે ૨૦૨૨ના નોટિફિકેશન મુજબ તેમને IFS (ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ) તરીકે પ્રમાણિત કરવામાં આવ્યા અને હાલમાં તેઓ સામાજીક વનીકરણ વિભાગના DCF (નાયબ વન સંરક્ષક) ઉચ્ચહોદ્દે આરૂઢ થયા છે. આર.એમ.પરમાર ગુજરાત રાજયના પોલીસ વિભાગમાં ઉચ્ચ હોદ્દેથી નિવૃત્ત થયેલ ગોપાલભાઈ પરમારના સગા ભાણેજ થાય છે.

# ઝાલોદના માછણ ડેમ નકજી કામ કરતાં ૧૯ વર્ષીય યુવક સિમેન્ટ કોન્ક્રીટ મશીનનું ટાયર ચઢી જતાં મોત



દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના માછણડેમ નજીક કામ કરતા એક ૧૯ વર્ષિય યુવકનું સિમેન્ટ કોન્ક્રીટનું ફ્લોર મશીન રિવર્સ લેતા પાછળનું ટાયર યુવક ઉપર ચઢી જતાં યુવકનું કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હોવાનું જાણવા મળે છે. ગત તા.૧૧મી જુલાઈના રોજ રાજસ્થાનના કુશલગઢમાં રહેતા શંકર કાળિયા કટારાના પુત્ર મનીષ જેની (ઉંમર વર્ષ આશરે ૧૯) તે ઝાલોદના નાનસલાઈ મુકામે માછણડેમ નજીક પાણીની ટાંકીનું કામ ચાલતું હતું. ત્યાં આશરે બપોરે ૧૨:૩૦ કલાકે સિમેન્ટના કોંક્રીટનું માલ બનાવનાર એજેક્સ કંપનીનું ફ્લોરી મશીનના ચાલક દ્વારા રિવર્સ લેતા તેના પાછળનું ટાયર મનીષભાઈ પર ચઢી ગયું હતું. ટાયર ચઢી મનીષભાઈના શરીરે ઈજા થતાં તેમને તાત્કાલિક ઝાલોદ સરકારી દવાખાને લઈ જવામાં આવેલ હતા. ઝાલોદ સરકારી દવાખાનાના ડોક્ટર દ્વારા તપાસ કરવામાં આવતા મનીષભાઈને મૃત જાહેર કરવામાં આવેલ હતો. આ અંગે મૃતકના પિતા દ્વારા કોંક્રીટનુ માલ બનાવવાના મશીનના ચાલક વિરૂદ્ધ ઝાલોદ પોલીસ સ્ટેશનમા ફરિયાદ દાખલ કરવામાં આવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તાલુકા કન્યા પ્રાથમિક શાળામાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ

દાહોદ,

બાળકો લોકશાહીનું મહત્વ સમજે, બાળકોમાં નેતૃત્વના ગુણો વિકસે,બાળકો ચૂંટણી પ્રક્રિયાથી માહિતગાર થાય, બાળકો શાળાના સુચારૂ વહીવટ માટે યોગ્યતા ધરાવતા બાળ ઉમેદવારોની પસંદગી કરતાં શીખે તેમજ બાળકો પોતાની જવાબદારી સ્વીકારી તેને સારી રીતે નિભાવતા પણ શીખે તેવા હેતુથી શાળાના આચાર્યા શૈલાબેન બારીઆ તેમજ શાળાના તમામ શિક્ષિકા બહેનોના માર્ગદર્શન હેઠળ બેલેટ પેપર થકી મતદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના મહામંત્રી પદ તેમજ વર્ગ મંત્રી માટેની ચૂંટણી શાળાનાં છ બૂથમાં યોજવામાં આવી હતી.જેમાં એક સખીબૂથ પણ રાખવામાં આવ્યું હતું. પિંક બૂથ તરીકે ઓળખાતાં સખીબૂથમાં પિંક સાડી પહેરીને પ્રિસાઈડીંગ, આસિ.પ્રિસાઈડીંગ, પોલીંગ ઓફીસરોએ પોતાની ફરજ બજાવી હતી. તેમજ દરેક બૂથમાં ચુંટણીની પ્રક્રિયામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ચૂંટણીમાં સૌથી વધુ મત સાથે વિજેતા થયેલા મહામંત્રી ચાવડા રિંકુબેન બાબુભાઈ અને પ્રમુખપદે રોઝ દ્રષ્ટિબેન દલસિંહ તેમજ તમામ બાળ ઉમેદવારોને શાળાની વિદ્યાર્થીનીઓ તેમજ શિક્ષિકા બહેનોએ અભિનંદન આપી કામ કરવાનો ઉત્સાહ વધાર્યો હતો અને એમના જીતની સૌએ સાથે મળીને ઉજવણી કરી હતી.

# અખિલ ભારતીય શ્રમિક સંઘ દ્વારા પોતાની વિવિધ માંગણીઓને લઈ મામલતદારને આવેદન આપ્યું



દાહોદ,

અખિલ ભારતીય શ્રમિક સંઘ દ્વારા પોતાની વિવિધ ૧૪ માંગણીઓના નિરાકરણ માટે દાહોદના મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. તેમજ જો આવનાર સમયમાં પોતાની માંગણીનું સત્વરે નિરાકરણ નહીં આવે તો ગાંધી ચિન્ધ્યા માર્ગે જઈ આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

અખિલ ભારતીય શ્રમિક સંઘ દ્વારા દાહોદના મામલતદારને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, પોતાની વિવિધ ૧૪ માંગણીઓ જેમાં સફાઈ કર્મચારીઓને ગ્રેજ્યુએટીના નાણાં ટુંક સમયમાં ચુકવવામાં આવે, ખાલી પડેલ જગ્યામાં ભરતી પ્રક્રિયા શરૂં કરવામાં આવે, પગાર સંબંધિત કાર્યવાહી ઝડપી કરવામાં આવે, લઘુત્તમ વેતન ચુકવવામાં આવે, ૭માં પગાર પંચનો લાભ આપવામાં આવે, આકસ્મીક વિમો ચુકવવામાં આવે, સફાઈ કર્મચારીઓને ગણવેશ આપવામાં આવે, સફાઈ કર્મચારીઓને સફાઈમાં વપરાતા સાધનો પુરા પાડવામાં આવે, ઈપીએફ મામલે સત્વરે કાર્યવાહી કરવામાં આવે, દર મહિને નિયમીત પગાર ચુકવવામાં આવે, સફાઈ કર્મચારીઓને ક્વાટર્સ ફાળવવામાં આવે, સુખદેવ કાકા કોલોની પાછળ આવેલ ગટરો નવીન બનાવવામાં આવે અને સ્વ. સબુરભાઈ કડવાભાઈ પરમારની વિધવાને પેન્શન નીયમ મુજબ ચુકવવામાં આવે જેવી માંગણી સાથે મામલતદારને આવેદનપત્ર આપી જો સત્વરે અને તાત્કાલિક ધોરણ ઉપરોક્ત સમસ્યાઓનું નિરાકરણ કરવામાં નહીં આવે તો સફાઈ કર્મચારીઓ આવનાર દિવસોમાં અચોક્કસ મુદતની હડતાળ ઉપર આંદોલન કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# દાહોદ જીલ્લામાં રક્તપિત્ત દર્દી શોધ અભિયાનની પૂર્ણાહુતી

દાહોદ,

દાહોદ જીલ્લામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.ઉદય ટીલાવત માર્ગદર્શન હેઠળ જૂન માસમાં લેપ્રેસી કેસ ડિટેક્ટ કેમ્પેઈન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં જીલ્લા માંથી રક્તપિત્તના ૧૨૬ નવા દર્દી શોધી કાઢવામાં આવ્યા છે. જેમા ચેપી અને બીનચેપી દર્દીઓનો સમાવેશ થાય છે. જેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે.સમાજમાંથી રક્તપિત્ત નાબુદ કરવાના અભિયાનમાં હકારાત્મક અભિગમ સાથે કુટુંબ અને દેશને રક્તપિત્ત મુક્ત કરવાની દિશામાં અગ્રેસર કરવા સઘન ઝુંબેશ તારીખ ૧૦ જૂનથી ૦૪ જુલાઈ સુધી લેપ્રેસી કેસ ડિટેકશન કેમ્પઈન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૧૫૦ જેટલી ટીમો બનાવવામાં આવી હતી. જેમા એક પુરૂષ આરોગ્ય કર્મી, એક આશાવર્કરનો સમાવેશ કરવામા આવ્યો હતો. તેમના દ્વારા સર્વે કરી રક્તપિત્તના લક્ષણો ધરાવતા દર્દીઓ શોધી કાઢવાની કામગીરી હાથ ધરવામા આવી હતી. આ ઝુંબેશમા દાહોદ જીલ્લામાંથી રક્તપિત્તના ૧૨૬ નવા દર્દીઓ શોધી કાઢવામાં આવ્યા હતા. જેમાં ૫૪ દર્દીઓ ચેપી રક્તપિત ના અને ૭૨ બીનચેપી રક્તપિત્તના મળી આવતાં તેમની સારવાર શરૂ કરી દેવામા આવી છે.દાહોદ જીલ્લા રકતપિત્ત અધિકારી ડો.આર . ડી પહાડીયા એ જણાવ્યુ હતું કે, હાલમાં ૧૨૬ રક્તપિત્તના નવા દર્દી શોધવામા સફળતા મળી છે. જેમની સારવાર શરૂ કરી દેવામા આવી છે. વધુમાં જણાવ્યું કે આ રોગ સંપૂર્ણ મટી શકે છે, પરંતુ નિયમિત સારવાર લેવી પડે છે. ચેપી રક્તપિત્તમા ૧૨ માસ એટ્લે એક વર્ષ અને બીનચેપી રક્તપિત્તમા ૬ માસ સારવાર જરૂરી છે.

# ગરબાડા તાલુકામાં થતી સફેદ પથ્થરોની ચોરી બાબતે જાગૃત નાગરિક દ્વારા ખાણ ખનીજ વિભાગમાં RTI

ગરબાડા,

ગરબાડા તાલુકામાં વિના રોક ટોક ખાણ અને ખનીજ વિભાગની રહેમ નજર હેઠળ સફેદ પથ્થરની ચોરીઓ કરવામાં આવી રહી છે. હાલમાં તાલુકાના ૧૫ થી ૧૭ જેટલા ગામોમાં જ્યાં નજર કરશો ત્યાં સફેદ પથ્થરોનું ખોદકામ કરેલ જોવા મળશે. જે પૈકી કેટલા ગામોમાં ખનીજ વિભાગે સફેદ પથ્થર કાઢવા માટે ડમ્પર પરમીટ આપી છે તે જાણવા માટે તાલુકાના એક જાગૃત નાગરિક દ્વારા ખનીજ વિભાગના અધિકારીને whatsappના માધ્યમથી સફેદ પથ્થરની ચોરી કરતા તત્વોની જાણકારી તો આપવામાં આવી જ હતી. સાથે સાથે કયા કયા ગામોમાં સફેદ પથ્થરોની ડમ્પર પરમીટ આપવામાં આવી છે, તેમ પૂછતા તેઓ તેઓ દ્વારા સીમલીયા બુઝર્ગ ગામમાં પરમિશન આપી હોવાનું મેસેજ કરવામાં આવ્યો હતો કે ત્યાં પરમીટ આપેલ છે અને તે સિવાય વધુ માહિતી માટે આર.ટી.આઈ. કરવાનું જણાવ્યું હતું. જાગૃત નાગરિક દ્વારા જે બાબતે તારીખ ૨૨. મી મેના રોજ આરટીઆઈ કરવામાં આવી હતી. ત્રીસ દિવસ બાદ પણ તેનો જવાબ ન મળતા જાગૃત નાગરિક દ્વારા આ બાબતે કલેકટરને પ્રથમ અપીલ કરવામાં આવી હતી. પ્રથમ અપીલ કર્યા બાદ બીજા ત્રીજા દિવસે ખાણ ખનીજ વિભાગ માંથી જવાબ આપવામાં આવે છે કે તમોએ માંગેલ માહિતી કલમ ૭ (૯) ૮(૧) (ઘ)૮(૧) ઠ મુજબ આપવા પાત્ર રહેતી નથી. તેઓ જવાબ કરવામાં આવ્યો હતો.જ્યારે પ્રથમ અપીલના જવાબમાં તારીખ ૯ જુલાઈના અધિક નિવાસી કલેકટરે અરજદારની સામે ખાણ ખનીજ વિભાગના કર્મચારીને માહિતી ન આપવા બાબતે તેમ જ આ કલમોનો મતલબ શું થાય છે, તેમ પૂછતા ખાણ ખનીજ વિભાગના કર્મચારી દ્વારા કલમોનો મતલબ ખબર નથી. તેમ જણાવતા અધિક નિવાસી કલેકટર દ્વારા અરજદારને તમામ માહિતી પૂરી પાડવા માટે સૂચન કરવામાં આવ્યા હતા. વધુમાં ૩૦ દિવસ બાદ માહિતી નાં મળી હોવા છતાં માંગેલ માહિતીની રકમ ભરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું. આ તમામ બાબતોને ધ્યાનથી ચકાસતા એમ લાગે છે કે સફેદ પથ્થરની ચોરી કરતા તત્વોને ખાણ ખનીજ વિભાગ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

# શ્રી ઉચ્ચતર બુનિયાદી આશ્રમ શાળા આને એમ.પી.ધાનકાના સંયુકત ઉપક્રમે ધો.૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને પ્રવેશ ઉત્સવ ઉજવાયો




દાહોદ,

શ્રી ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા અને એમ.પી. ધાનકાના સયુંકત ઉપક્રમે ધોરણ ૯, ૧૧ આર્ટસ, સાયન્સના નવા બાળકોને પ્રવેશઉત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન અરવિંદ ચારેલ આચાર્ય સરકારી સરકારી માધ્યમિકશાળા રાહડુંગરી પધાર્યા જેમનું પુસ્તક આપી સદર શાળાના આચાર્ય કમલેશ સુથારે સ્વાગત કર્યું. સુપર વાઈજર જે.વી.કોરાલી દ્વારા પ્રાસંગિક પ્રવચન આપ્યું. બાળકોને જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રતીક જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓને પુસ્તકો આપી આવકારવામાં આવ્યા હતા. અંતમાં આર.એમ. રાઠોડ દ્વારા આભાર વિધિ કરવામાં આવી.

# વિકસિત ભારતની નવી પહેચાન કુટુંબ નિયોજન દરેક દંપતીની શાન“

દાહોદ,

તારીખ ૧૧ /૭/ ૨૦૨૪ ના રોજ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંતર્ગત મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, અધિક જીલ્લા આરોગ્ય અધિકારી તેમજ તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખંગેલા ખાતે સાસુ –વહુ સંમેલન, સગર્ભા બહેનો તેમજ લાયક દંપતિ ની લઘુ શિબીરનું આયોજન કરવામાં આવ્યું. તેમજ પ્રા.આ. કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.અવિનાશ ડામોર, આયુષ તબીબ ડો.પ્રહલાદ બડદવાલ અને તમામ સ્ટાફ દ્વારા વસ્તી વધારાની સમસ્યા અને વસ્તી નિયંત્રણ અંગે વિસ્તારથી સમજ આપવામાં આવી. “ કાયમી તેમજ બિન કાયમી વસ્તી નિયંત્રણ (સ્ત્રી અને પુરૂષ માટે)ની પદ્ધતિઓ વિશે અને કુંટુંબ કલ્યાણ પદ્ધતિઓ અપનાવાર લાભાર્થીને મળતા લાભો વિષે ખૂબ જ વિસ્તારપૂર્વક માહિતગાર કરવામાં આવ્યા.

“ બે બાળકો વચ્ચે ત્રણ વર્ષનો ગાળો રાખી સુખી દાંપત્ય જીવન જીવવા માટે સગર્ભા બહેનોને સમજાવવામાં આવ્યા.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટાંન્ડા ખાતે દંપતી સંપર્ક પખવાડિયા અંતર્ગત લઘુ શિબિર યોજાઈ

દાહોદ,

વિશ્વ વસ્તી દિનની ઉજવણી અંતર્ગત મુખ્ય જીલ્લા અધિકારી અને અધિક જીલ્લા અધિકારીના માર્ગદર્શન અન્વયે અત્રેના પ્રા.આ. કેન્દ્ર ટાન્ડા ખાતે દંપતી સંપર્ક પખવાડિયા અંતર્ગત લઘુ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આવેલ દંપતીઓને આરોગ્યમાં ચાલતી કુટુંબ કલ્યાણની વિવિધપદ્ધતિ અંગે સમજ આપવામાં આવી. જેમાં બિનકાયમી પદ્ધતિ જેવી કે અંતરા, કોપર ટી, ઓરલપિલ્સ, નિરોધ છાયા તેમજ કાયમી પદ્ધતિ જેવી કે લેપ્રોસ્કોપી,NSV, ટીએલ અંગે સમજ આપવામાં આવી અને તે પૈકી કોઈ એક પદ્ધતિ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

લાભાર્થીઓને બે બાળક વચ્ચે અંતર રાખવા અંગે સમજ આપવામાં આવી. તેમજ વહેલા લગ્ન ના કરવા અંગે સજાવવામાં આવ્યા.

તમામ કુટુંબ કલ્યાણની સેવાઓ પ્રા.આ.કેન્દ્ર અને સબસેન્ટર ખાતે વિના મૂલ્યે આપવામાં આવશે, તે અંગે સમજ આપવામાં આવી. શિબિરમાં પ્રા.આ.કેન્દ્રના મેડિકલ ઓફિસર, સુપરવાઈઝર, સીએચઓ, મપહેવ, આશા બહેન હાજર રહ્યા હતા.

# આજ રોજ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંતર્ગત હિમાલા ખાતે જૂથ ચર્ચા કરવામાં આવી

દાહોદ,

“વિકસિત ભારતની નવી પહેચાન કુટુંબ નિયોજન દરેક દંપતીની શાન “ થીમ અંતર્ગત વિશ્વ વસ્તી દિનની ઉજવણી અન્વયે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી અને અધિક જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન અન્વયે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગુંદીખેડાના હિમાલા ગામે જૂથ ચર્ચા કરવામાં આવી. જેમાં વસ્તી વધારાની સમસ્યા અને વસ્તી નિયંત્રણ અંગે મોડા લગ્ન, બાળલગ્નો અટકાવવા, નાનું કુટુંબ સુખી કુટુંબ, લક્ષિત દંપતીને જરૂરિયાત મુજબ બિન કાયમી પદ્ધતિ જેવી કે પુરૂષો માટે નિરોધ, સ્ત્રીઓ માટે ગર્ભ નિરોધક ગોળીઓ,અંતરા ઈન્જેક્શન, બે બાળકો વચ્ચે ગાળો રાખવો કોપર ટી બે કે તેથી વધુ બાળકો વાળા દંપતીઓમાં પુરૂષો માટે કાપા કે ચીરા વગરની નસબંધી સ્ત્રીઓ માટે લેપ્રોસ્કોપી અને ટાકાવાળું ઓપરેશન તેમજ કુટુંબ કલ્યાણ પદ્ધતિઓ અપનાવનાર લાભાર્થીઓને મળતા આર્થિક લાભો અને દિકરી યોજના વિશે તથા ચોમાસાની ઋતુમાં પાણી જન્ય રોગો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ જૂથ ચર્ચામાં ગ્રામજનો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર સુપરવાઈઝર MPHW અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજ રોજ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંતર્ગત નગરાળા ખાતે જૂથ ચર્ચા કરવામાં આવી

દાહોદ,

“વિકસિત ભારતની નવી પહેચાન કુટુંબ નિયોજન દરેક દંપતીની શાન” થીમ અંતર્ગત વિશ્વ વસ્તી દિનની ઉજવણી અન્વયે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી અને અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ના માર્ગદર્શન અન્વયે નગરાળા ખાતે સરપંચના ઘરે જૂથ ચર્ચા કરવામાં આવી. જેમાં વસ્તી વધારાની સમસ્યા અને વસ્તી નિયંત્રણ અંગે મોડા લગ્ન બાળલગ્નો અટકાવવા, નાનું કુટુંબ સુખી કુટુંબ, લક્ષિત દંપતીને જરૂરિયાત મુજબ બિન કાયમી પદ્ધતિ જેવી કે પુરૂષો માટે નિરોધ, સ્ત્રીઓ માટે ગર્ભ નિરોધક ગોળીઓ, અંતરા ઈન્જેકશન, બે બાળકો વચ્ચે ગાળો રાખવો કોપર ટી બે કે તેથી વધુ બાળકો વાળા દંપતીઓમાં પુરૂષો માટે કાપા કે ચીરા વગરની નસબંધી સ્ત્રીઓ માટે લેપ્રોસ્કોપી અને ટાકાવાળું ઓપરેશન તેમજ કુટુંબ કલ્યાણ પદ્ધતિઓ અપનાવનાર લાભાર્થીઓને મળતા આર્થિક લાભો અને દિકરી યોજના વિશે તથા ચોમાસાની ઋતુમાં પાણી જન્ય રોગો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ જૂથ ચર્ચામાં ગામના સરપંચ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર સુપરવાઈઝર MPHW અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૦૩, સને.૨૦૨૪-૨૫**

કાર્યપાલક ઈજનેરશ્રી, (પંચાયત) માર્ગ અને મકાન વિભાગ, જીલ્લા પંચાયત ભવન જીલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર, લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા જુદા જુદા પ્રકારના બાંધકામ જેવા કે બિલ્ડીંગ, મોટા નાના પુલ, નાળા વગેરેના કામ માટે કન્સલટન્સી સર્વીસ ફોર સર્વે એન્ડ ટેકનીકલ ઈન્વેસ્ટીકેશનની કામગીરી અંગે યુનિટ રેટ ટેન્ડર માંગવામાં આવે છે. આ કામગીરી અંગે સરકારશ્રી દ્વારા આપેલ માન્યતાના પત્રની નકલ, પાનકાર્ડ, જીએસટી નંબર વિગેરે દસ્તાવેજોની ખરી નકલ સાથે ટેન્ડર ફી ૬૦૦ ની રકમ ૦૦૫૯ પી.ડબ્લ્યુ.ડી. સદરે સ્ટેટ બેંક લુણાવાડા ખાતે જમા કરી અસલ ચલણની નકલ સાથે અરજી કર્યેથી કોરા ટેન્ડર ફોર્મ ઈસ્યુ કરવામાં આવશે. સરકારશ્રીના વખતો વખતના નિયમો બંધન કર્તા રહેશે. કોરા ટેન્ડર ફોમ ઈસ્યુ કરવાની છેલ્લી તા.૨૬/૦૭/૨૦૨૪ ભરેલ ટેન્ડર ફોર્મ સીલ બંધ કવરમાં રજી.પો.એડી/સ્પીડ પોસ્ટથી પરત લેવાની છેલ્લી તા.૦૬/૦૮/૨૦૨૪ વધુ વિગતો માટે કચેરી સમય દરમિયાન અત્રેની કચેરીનો સંપર્ક કરવો. શકય હશે તો તા.૦૮/૦૮/૨૦૨૪ નારોજ ૧૨.૦૦ કલાકે ટેન્ડર ખોલવામાં આવશે. (માહિતી/ગોધરા/૧૭૫/૨૪)

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૨૪-૨૫**

બોર્ડ ખાતાના માન્ય યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક પેટા-વિભાગ, ગુ.પા.પુ.અને ગટર વ્ય.બોર્ડ, લુણાવાડા ફોન નં.૯૯૦૯૦૨૧૮૭ દ્વારા મહીસાગર જીલ્લાની (૧) કડાણા ભાગ-૧ જુથ યોજના હેઠળના ઈન્ટેકવેલ ખાતેના ફ્લોમોર મેક ૧૦૦ કી. વોટના વી.ટી. પંપ રીપેર કરવાની કામગીરીની અંદાજીત રકમ રૂ।.૨.૯૮ લાખ (૨) ખેરોલી જુથ યોજના હેઠળના કળિયા કનેકટીવીટી માટે સંપમાં હોરી.મોનો સબ પંપ સંલગ્ન એસેસરીઝ સાથે બેસાડવાની કામગીરીની અંદાજીત રકમ રૂ।.૧.૨૩ લાખ તથા (૩) હિંડોલીયા જુથ યોજના અંતર્ગતના ઈન્ટેકાવેલ પાસે નદીપર એસએફ પંપ સી. સેટ સલગ્ન એસેસરીઝ સાથે બેસાડી કાર્યવીન્ત કરવા અંગેની કામગીરીની અંદાજીત રકમ રૂ।.૩.૬૬ માટે અલગ અલગ ટેન્ડર માંગવામાં આવે છે. કોરા ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તા.૧૮/૦૭/૨૦૨૪ ૧૮.૦૦ કલાક રહેશે. વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપરથી મળશે. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગટર વ્ય.બોર્ડનો ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર-૧૯૧૬ ઉપર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે. (માહિતી/ગોધરા/૧૭૧/૨૪)

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.274

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસમાં અગ્રેસર ગુજરાત

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત
ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
આદિજાતિ વિકાસ વિભાગની પહેલ



આદિજાતિ યોજનાઓના લાભાર્થીઓ માટે **નવા પોર્ટલની શરૂઆત**

**એક જ પોર્ટલ-એક જ અરજી** સાથે વિવિધ યોજનાઓના લાભ

પોર્ટલ થકી લાભાર્થીઓની પસંદગી પ્રક્રિયા બનશે **ઝડપી અને પારદર્શક**



નીચે મુજબની યોજનાઓનો લાભ લેવા
તારીખ:૧૨/૦૭/૨૦૨૪થી
**ડી-સેગ સહાય પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી**
**રજિસ્ટ્રેશન પ્રક્રિયા**નો પ્રારંભ

મંડપ યોજના
ફળાઉ ઝાડ રોપા વિતરણ યોજના
સંકલિત ડેરી વિકાસ યોજના
બકરા ઉછેર યોજના

કૃષિ યાંત્રિકીકરણ (રોટાવેટર/થ્રેશર)
કૃષિ યાંત્રિકીકરણ (મીની ટ્રેકટર)
ટીસ્યુ કલ્ચર બનાના યોજના
વ્યવસાયલક્ષી તાલીમ યોજના

- દરેક અરજદારનું યુનિક આઇ-ડી થકી થશે રજિસ્ટ્રેશન
- દરેક યોજનાઓ માટે જરૂરી તમામ દસ્તાવેજી પુરાવા ફક્ત એક જ વખત આપવાના રહેશે
- દરેક નવા નાણાંકીય વર્ષમાં નવી અરજી પ્રક્રિયા સમયે લાભાર્થી /અરજદારનો યુનિક આઇ-ડી દાખલ કરતાં તમામ મહત્વની વિગતો આપમેળે અરજીમાં ફીડ થશે
- આ વેબસાઇટ સમગ્ર વર્ષ દરમિયાન રહેશે કાર્યરત તેમજ મોબાઇલ દ્વારા પણ રજિસ્ટ્રેશન કરી શકાશે

| રજિસ્ટ્રેશન કરવા સંપર્ક કરો | રજિસ્ટ્રેશન માટે રજૂ કરવાના દસ્તાવેજો |
|---|---|
| VCE/ઇ-ગ્રામ કેન્દ્ર, ગ્રામ પંચાયતના કોમન સર્વિસ સેન્ટર, સાયબર કાફે | રેશન કાર્ડ, જાતિનો દાખલો, ત્યકતા/વિધવાનું પ્રમાણપત્ર, PVTG/FRA/BPLનું પ્રમાણપત્ર અને પાસબુક કે કેન્સલ ચેકની નકલ |

આપનું ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવા અથવા
વધુ વિગત મેળવવા ડી-સેગ સહાયની વેબસાઇટ
https://dsagsahay.gujarat.gov.in ની મુલાકાત લો

આદિજાતિના ઉત્કર્ષ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર

# બ્રહ્માકુમારીઝ રશિયાની ડાયરેક્ટર બ્રહ્માકુમારી સુધા બહેને રસિયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અભિવાદન કર્યું



રશિયામાં માત્ર એક બ્રહ્માકુમારીઝ અદયાત્મ સંસ્થાને ભારતીય સંસ્કૃતિ રાજયોગા માટે પરમિશન. આબુ તા. ૧૦- ૭ -૨૦૨૪ વૈશ્વિક અધિયાત્મસંસ્થા બ્રહ્માકુમારીઝ અને ૧૪૦ દેશોમાં ભારતીય દિવ્ય સંસ્કૃતિ અને રાજયોગા માટે પરમિશન મળેલ છે. જેમાં રશિયા પણ છે, જયાં માત્ર સંસ્થાને જ પરમિશન મળેલ છે.

બ્રહ્માકુમારીઝ મીડિયાના શશીકાંત ત્રિવેદીના જણાવ્યાનુસાર ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રસિયા આગમન સમયે ભારતનું પ્રતિનિધિત્વ કરતી રશિયાની ડાયરેક્ટર બી.કે. સુધાબેનને પ્રથમ હરોળમાં અભિવાદન કરવાની તક મળેલ જેમાં સંસ્થાના ગ્રુપ દ્વારા અભિવાદન કરવામાં આવેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે, રશિયન લોકો દર વર્ષે મોટી સંખ્યામાં સંસ્થાના મુખ્યાલય આવી ઈશ્વરીયજ્ઞાન અને રાજયોગાનો લાભ લે છે અને સંપૂર્ણ શાકાહારી સાત્વિક ભોજન યોગી જીવન અપનાવે છે તથા રશિયા ગવર્મેન્ટના અનેક વિભાગોમાં યોગા માનવીયમૂલ્યો અને સકારાત્મક જીવન શૈલી પર બ્રહ્માકુમારીઝના કાર્યક્રમો થતા રહે છે તથા સાંસ્કૃતિક આદાન પ્રદાન માટે રશિયન કલાકારોને તૈયાર કરી ભારતભરના મેગાસિટીમાં બ્રહ્માકુમારી સુધાબેન કાર્યક્રમો કરાવે છે. જેને માટે ભારતની નારી ગૌરવનું સન્માન વારંવાર પ્રાપ્ત થાય છે.

# કાલોલ તાલુકા પંચાયત મુખ્ય કચેરીમાં ભયંકર ગંદકી સ્વચ્છતાનો અભાવ ટી.ડી.ઓ. દ્વારા આંખ આડા કાન



કાલોલ,

કાલોલ તાલુકા પંચાયત મુખ્ય કચેરીમાં ભયંકર ગંદકી નું સામ્રાજ્ય સ્વચ્છતાનો અભાવ એક તરફ રાજ્ય સરકાર સ્વચ્છતાની મોટી મોટી જાહેરાતો કરી સ્વચ્છતાની મોટી મોટી વાતો કરે છે. ત્યારે સરકારી કચેરીમાં જ સ્વચ્છતાનો અભાવ કાલોલ તાલુકા પંચાયત હસ્તક ૬૫ જેટલી ગ્રામ પંચાયતો આવેલ હોવાથી રોજે રોજ મોટી સંખ્યામાં અનેક ગ્રામ પંચાયતના લોકો જાતિ પ્રમાણ પત્ર આવકનું પ્રમાણ પત્ર તેમજ અન્ય વિવિધ કામ અર્થે કાલોલ તાલુકા પંચાયત મુખ્ય કચેરીમાં અરજદારો કામ અર્થે આવતા હોય છે અને કાલોલ તાલુકા પંચાયત મુખ્ય કચેરીના નીચેના શૌચાલયમાં ભયંકર ગંદકી અને શોચલય માં પાણીનો નળ પણ તૂટેલ હાલતમાં જોવા મળ્યા અને શૌચાલયમાંના સાઈડોના ખુણાઓમાં ભયંકર ગંદકી જોવા મળી હતી અને બીજી તરફ ઉપરના ઉપરના ભાગે આવેલ શૌચાલયમાં પણ ભયકર ગંદકી તેમજ વોસ બેસિંગ તૂટેલી હાલતમાં નીચે પડેલ જોવા મળ્યું હતું અને વોસ બેસિંગ ગંદકી થી ખદબદી રહેલ હોવાથી તાલુકા પંચાયત કચેરીમાં આવતા લોકોને કુદરતી હાજત પુરી કરવા માટે વલખા મારવા પડે છે અને કુદરતી હાજત પુરી કરવા આમ તેમ ભટકવું પડે છે. જેથી કાલોલ તાલુકાની મુખ્ય કચેરી હોવા છતાં પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળ્યો. જેથી ૬૫ જેટલી ગ્રામ પંચાયત વિસ્તારના આવતા અરજદારો પાયાની સુવિધા ઓથી વંચિત ટી.ડી.ઓ. તેમજ નાયબ ટી.ડી.ઓ. શૌચાલય પાસે થી અનેક વખત પ્રસાર થતા હોવા છતાં આંખ આડા કાન જેના કારણે રાજય સરકારની સ્વચ્છતા ધજાગરા જેથી તાલુકા પંચાયત કચેરીના શૌચાલયમાં ભયંકર ગંદકી દેખાય રહી છે.

# વેજલપુર માળીના ઢાળ ઉપર બે માળનું જર્જરિત મકાન ઉતારતી વખતે અચાનક દીવાલ ધરાશાય થતા એક મહિલાનો આબાદ બચાવ



કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુરના સોની ફળિયા માળીના ઢાળ પાસે આવેલા વર્ષો જુના જર્જરીત મકાનની દિવાલ જોખમકારક હોવાથી મકાન મલિક દ્વારા જુના મકાનોનો કાટમાળ લેનાર કબાડીને મકાન તેમજ દીવાલ ઉતારવાનો કોન્ટ્રાક આપતા કબાડી કોન્ટ્રાકટર દ્વારા જર્જરિત દીવાલ ઉતારતા હતા. છેલ્લા કેટલાક સમયથી આ મકાનમાં અચાનક તિરાડો અને દિવાલોનો ભાગ બેસી ગયો હતો. ત્યારે ઘર માલિકે પોતાની અને અન્ય લોકોની સલામતીને ધ્યાને લઈને આ જર્જરિત મકાન ઉતારવા માટે કામગીરી કરવામાં આવી હતી. ત્યારે આ જર્જરિત મકાનનું ઉતારવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક રોડ સાઈડનો ભાગ ધરાશાયી થતાં ત્યાંથી અવર જવર ચાલુ હતી. ત્યારે ત્યાંથી પસાર થતી એક મહિલાનો માંડ માંડ જીવ બચ્યો હતો. ત્યારે આ મકાન ઉતારવાનો કોન્ટ્રાકટ રાખનાર કોન્ટ્રાકટર દ્વારા કોઈ પણ જાતનો રસ્તો બંધ કર્યા વગર આ જર્જરિત મકાન ઉતારવાનું કામ કરી રહ્યા હતા. ત્યારે ભરચક અને મેંન અવર જવર કરતા રસ્તા ઉપર કોઈ પણ સેફ્ટી અંગેનું ધ્યાન રાખવામાં આવ્યું ન હતું. તેના કારણે ત્યાંથી એક મહિલા પ્રસાર થતી હતી તે દરમિયાન આ દીવાલનો ભાગ ધરસાયો હતો. ત્યારે મહિલાએ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને નજીકમાં આવેલ ખાંચામાં ભાગીને પોતાનો જીવ બચાવ્યો હતો. ત્યારે આ દીવાલ પડવા અંગેનો વિડીઓ હાલ સોશીયલ મીડિયા ખૂબ વાઈરલ થયો છે.

# કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ફુડ બિઝનેશ ઓપરેટર્સ સાથે ફુડ સેફ્ટી વિભાગનું અવેરનેસ મીટીંગનુ આયોજન



ગોધરા.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરાના ડેઝીગ્નેટેડ ઓફિસર અને ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા તા.૧૨/૦૭/૨૦૨૪ના રોજ પંચમહાલ અને મહિસાગર જીલ્લાના તમામ કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ફુડ બિઝનેશ ઓપરેટરોને ખાદ્ય સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરા કચેરી ખાતે એક બેઠકનુ આયોજન કરવામાં આવેલ. સદર બેઠકમાં તંત્રના અધિકારીઓ દ્વારા ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, રૂલ્સ અને રેગ્યુલેશન હેઠળ કેટરિંગના વ્યવસાય માટે જરૂરી લાયસન્સ અને રજીસ્ટ્રેશન મેળવવા માટે ઓનલાઈન પ્રક્રિયાની સમજ અને માર્ગદર્શન આપવામાં આવેલ. ખાદ્યચીજોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે લાયસન્સની શરતોનું પાલન કરવા માટેની સુચનાઓ આપવામા આવેલ. સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણમાં ખાદ્ય-પદાર્થો તૈયાર થાય તથા તેમાં વપરાતો કાચો માલ શુધ્ધ, તાજો અને ઉચ્ચ ગુણવત્તાવાળો જ વપરાય તે માટે ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચા કરવામાં આવી. એફ.બી.ઓને તમામ રેકોર્ડ રાખવાનું તથા ખરીદવામાં આવતાં તમામ ખદ્યચીજો પાકા બિલથી જ ખરીદવા જણાવ્યું હતું.તેમજ આગામી સમયમાં ફુડ સુપરવાઈઝરોને ફુડ સેફ્ટી ટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેશન (FoSTaC) અંતર્ગત તાલીમ આપવામાં આવશે. .

# વાવની મુવાડી ગામેથી પસાર થતી કરાડ કેનાલમાં ગાભડું રાત્રે પાણી છોડતા ગટરો હાઉસફુલ



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના વાવની મુવાડી ગામેથી પસાર થતી કરાડ કેનાલની અંદર ગબળું પડ્યું હતું. કરાડ સિંચાઈ વિભાગ દ્વારા ગત રાત્રે કેનાલમાં અચાનક પાણી છોડવામાં આવ્યું હતું જે પાણી કેનાલના તળિયામાં પડેલા ગાબડા માંથી સીધું નાળાની પાઈપમાં રહી ગટરોમાં વહેતું હતું. રાત્રિ દરમિયાન ખેતરમાં આટો મારવા આવેલા પ્રવીણસિંહ ચૌહાણને કેનાલમાં પાણી છોડ્યું હોવાનુ માલૂમ પડ્યું અને પાણી તેમના ખેતરમાં ભરાતા તેમણે તાત્કાલિક ગામના સરપંચ તથા કેનાલ વિભાગને જાણ કરતા પાણી બંધ કરવામાં આવ્યું હતું. જો પાણી બંધ ન કરાયું હોત તો પાણી આસપાસના ગામો જેવા કે કણબીપાલ્લી, દેવની મુવાડી સુધી પહોંચી જતા આ ગાબડું પૂરવા માટે પ્રવિણસિંહ દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી છે, પરંતુ તંત્ર દ્વારા આ બાબતે કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. ખેતર માલિકોએ ગાભડા માંથી પાણી વહીને ખેતરોમાં જતું હોવાની અને તેમની ખેતી બગડતી હોવાની રજૂઆત કરતા કરાડ સિંચાઈ વિભાગ દ્વારા ખેતરની આસપાસ સંરક્ષણ દિવાલ બનાવી આપવાની વાત કરી હતી. એક નાનકડું ગાભડું પુરવાના બદલે સિંચાઈ વિભાગ આખી સંરક્ષણ દિવાલ બનાવવાની કેમ વાત કરે છે ? કેનાલમાં સાફ-સફાઈ નો અભાવ તેમજ ઠેર ઠેર તૂટેલી હાલતમાં દેખાઈ રહી છે. જયાં સુધી કેનાલના તળિયાનું ગાભડું પૂરવામાં નહીં આવે ત્યાં સુધી ખેડૂતો સુધી સિંચાઈનું પાણી પહોંચવું કેઅસંભવ છે.



# આદિજાતિ વિકાસમાં અગ્રેસર ગુજરાત

## વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત
## ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
## આદિજાતિ વિકાસ વિભાગની પહેલ



આદિજાતિ યોજનાઓના લાભાર્થીઓ માટે
**નવા પોર્ટલની શરૂઆત**

**એક જ પોર્ટલ-એક જ અરજી**
સાથે વિવિધ યોજનાઓના લાભ

પોર્ટલ થકી લાભાર્થીઓની પસંદગી
પ્રક્રિયા બનશે **ઝડપી અને પારદર્શક**



નીચે મુજબની યોજનાઓનો લાભ લેવા
તારીખ:૧૨/૦૭/૨૦૨૪થી
**ડી-સેગ સહાય પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી**
**રજિસ્ટ્રેશન પ્રક્રિયા**નો પ્રારંભ

| | |
|---|---|
| મંડપ યોજના | કૃષિ યાંત્રિકીકરણ (રોટાવેટર/થ્રેશર) |
| ફળાઉ ઝાડ રોપા વિતરણ યોજના | કૃષિ યાંત્રિકીકરણ (મીની ટ્રેક્ટર) |
| સંકલિત ડેરી વિકાસ યોજના | ટીસ્યુ કલ્ચર બનાના યોજના |
| બકરા ઉછેર યોજના | વ્યવસાયલક્ષી તાલીમ યોજના |

- દરેક અરજદારનું યુનિક આઇ-ડી થકી થશે રજિસ્ટ્રેશન
- દરેક યોજનાઓ માટે જરૂરી તમામ દસ્તાવેજી પુરાવા ફક્ત એક જ વખત આપવાના રહેશે
- દરેક નવા નાણાંકીય વર્ષમાં નવી અરજી પ્રક્રિયા સમયે લાભાર્થી /અરજદારનો યુનિક આઇ-ડી દાખલ કરતાં તમામ મહત્વની વિગતો આપમેળે અરજીમાં ફીડ થશે
- આ વેબસાઇટ સમગ્ર વર્ષ દરમિયાન રહેશે કાર્યરત તેમજ મોબાઇલ દ્વારા પણ રજિસ્ટ્રેશન કરી શકાશે

| રજિસ્ટ્રેશન કરવા સંપર્ક કરો | રજિસ્ટ્રેશન માટે રજૂ કરવાના દસ્તાવેજો |
|---|---|
| VCE/ઇ-ગ્રામ કેન્દ્ર, ગ્રામ પંચાયતના કોમન સર્વિસ સેન્ટર, સાયબર કાફે | રેશન કાર્ડ, જાતિનો દાખલો, ત્યકતા/વિધવાનું પ્રમાણપત્ર, PVTG/FRA/BPLનું પ્રમાણપત્ર અને પાસબુક કે કેન્સલ ચેકની નકલ |

આપનું ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવા અથવા
વધુ વિગત મેળવવા ડી-સેગ સહાયની વેબસાઇટ
https://dsagsahay.gujarat.gov.in ની મુલાકાત લો

**આદિજાતિના ઉત્કર્ષ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર**




# બ્રહ્માકુમારીઝ રશિયાની ડાયરેકટર બ્રહ્માકુમારી સુધા બહેને રસિયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અભિવાદન કર્યું



રશિયામાં માત્ર એક બ્રહ્માકુમારીઝ અધ્યાત્મ સંસ્થાને ભારતીય સંસ્કૃતિ રાજયોગા માટે પરમિશન. આબુ તા. ૧૦- ૭ -૨૦૨૪ વૈશ્વિક અધિયાત્મસંસ્થા બ્રહ્માકુમારીઝ અને ૧૪૦ દેશોમાં ભારતીય દિવ્ય સંસ્કૃતિ અને રાજયોગા માટે પરમિશન મળેલ છે. જેમાં રશિયા પણ છે, જયાં માત્ર સંસ્થાને જ પરમિશન મળેલ છે.

બ્રહ્માકુમારીઝ મીડિયાના શશીકાંત ત્રિવેદીના જણાવ્યાનુસાર ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રસિયા આગમન સમયે ભારતનું પ્રતિનિધિત્વ કરતી રશિયાની ડાયરેક્ટર બી.કે. સુધાબેનને પ્રથમ હરોળમાં અભિવાદન કરવાની તક મળેલ જેમાં સંસ્થાના ગ્રુપ દ્વારા અભિવાદન કરવામાં આવેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે, રશિયન લોકો દર વર્ષે મોટી સંખ્યામાં સંસ્થાના મુખ્યાલય આવી ઈશ્વરીયજ્ઞાન અને રાજયોગાનો લાભ લે છે અને સંપૂર્ણ શાકાહારી સાત્વિક ભોજન યોગી જીવન અપનાવે છે તથા રશિયા ગવર્મેન્ટના અનેક વિભાગોમાં યોગા માનવીયમૂલ્યો અને સકારાત્મક જીવન શૈલી પર બ્રહ્માકુમારીઝના કાર્યક્રમો થતા રહે છે તથા સાંસ્કૃતિક આદાન પ્રદાન માટે રશિયન કલાકારોને તૈયાર કરી ભારતભરના મેગાસિટીમાં બ્રહ્માકુમારી સુધાબેન કાર્યક્રમો કરાવે છે. જેને માટે ભારતની નારી ગૌરવનું સન્માન વારંવાર પ્રાપ્ત થાય છે.

# કાલોલ તાલુકા પંચાયત મુખ્ય કચેરીમાં ભયંકર ગંદકી સ્વચ્છતાનો અભાવ ટી.ડી.ઓ. દ્વારા આંખ આડા કાન



કાલોલ,

કાલોલ તાલુકા પંચાયત મુખ્ય કચેરીમાં ભયંકર ગંદકી નું સામ્રાજ્ય સ્વચ્છતાનો અભાવ એક તરફ રાજ્ય સરકાર સ્વચ્છતાની મોટી મોટી જાહેરાતો કરી સ્વચ્છતાની મોટી મોટી વાતો કરે છે. ત્યારે સરકારી કચેરીમાં જ સ્વચ્છતાનો અભાવ કાલોલ તાલુકા પંચાયત હસ્તક ૬૫ જેટલી ગ્રામ પંચાયતો આવેલ હોવાથી રોજે રોજ મોટી સંખ્યામાં અનેક ગ્રામ પંચાયતના લોકો જાતિ પ્રમાણ પત્ર આવકનું પ્રમાણ પત્ર તેમજ અન્ય વિવિધ કામ અર્થે કાલોલ તાલુકા પંચાયત મુખ્ય કચેરીમાં અરજદારો કામ અર્થે આવતા હોય છે અને કાલોલ તાલુકા પંચાયત મુખ્ય કચેરીના નીચેના શૌચાલયમાં ભયંકર ગંદકી અને શોચલય માં પાણીનો નળ પણ તૂટેલ હાલતમાં જોવા મળ્યા અને શૌચાલયમાંના સાઈડોના ખુણાઓમાં ભયંકર ગંદકી જોવા મળી હતી અને બીજી તરફ ઉપરના ઉપરના ભાગે આવેલ શૌચાલયમાં પણ ભયકર ગંદકી તેમજ વોસ બેસિંગ તૂટેલી હાલતમાં નીચે પડેલ જોવા મળ્યું હતું અને વોસ બેસિંગ ગંદકી થી ખદબદી રહેલ હોવાથી તાલુકા પંચાયત કચેરીમાં આવતા લોકોને કુદરતી હાજત પુરી કરવા માટે વલખા મારવા પડે છે અને કુદરતી હાજત પુરી કરવા આમ તેમ ભટકવું પડે છે. જેથી કાલોલ તાલુકાની મુખ્ય કચેરી હોવા છતાં પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળ્યો. જેથી ૬૫ જેટલી ગ્રામ પંચાયત વિસ્તારના આવતા અરજદારો પાયાની સુવિધા ઓથી વંચિત ટી.ડી.ઓ. તેમજ નાયબ ટી.ડી.ઓ. શૌચાલય પાસે થી અનેક વખત પ્રસાર થતા હોવા છતાં આંખ આડા કાન જેના કારણે રાજ્ય સરકારની સ્વચ્છતા ધજાગરા જેથી તાલુકા પંચાયત કચેરીના શૌચાલયમાં ભયંકર ગંદકી દેખાય રહી છે.

# વેજલપુર માળીના ઢાળ ઉપર બે માળનું જર્જરિત મકાન ઉતારતી વખતે અચાનક દીવાલ ધરાશાય થતા એક મહિલાનો આબાદ બચાવ



કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુરના સોની ફળિયા માળીના ઢાળ પાસે આવેલા વર્ષો જુના જર્જરીત મકાનની દિવાલ જોખમકારક હોવાથી મકાન મલિક દ્વારા જુના મકાનોનો કાટમાળ લેનાર કબાડીને મકાન તેમજ દીવાલ ઉતારવાનો કોન્ટ્રાક આપતા કબાડી કોન્ટ્રાકટર દ્વારા જર્જરિત દીવાલ ઉતારતા હતા. છેલ્લા કેટલાક સમયથી આ મકાનમાં અચાનક તિરાડો અને દિવાલોનો ભાગ બેસી ગયો હતો. ત્યારે ઘર માલિકે પોતાની અને અન્ય લોકોની સલામતીને ધ્યાને લઈને આ જર્જરિત મકાન ઉતારવા માટે કામગીરી કરવામાં આવી હતી. ત્યારે આ જર્જરિત મકાનનું ઉતારવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક રોડ સાઈડનો ભાગ ધરાશાયી થતાં ત્યાંથી અવર જવર ચાલુ હતી. ત્યારે ત્યાંથી પસાર થતી એક મહિલાનો માંડ માંડ જીવ બચ્યો હતો. ત્યારે આ મકાન ઉતારવાનો કોન્ટ્રાક્ટ રાખનાર કોન્ટ્રાકટર દ્વારા કોઈ પણ જાતનો રસ્તો બંધ કર્યા વગર આ જર્જરિત મકાન ઉતારવાનું કામ કરી રહ્યા હતા. ત્યારે ભરચક અને મેંન અવર જવર કરતા રસ્તા ઉપર કોઈ પણ સેફટી અંગેનું ધ્યાન રાખવામાં આવ્યું ન હતું. તેના કારણે ત્યાંથી એક મહિલા પ્રસાર થતી હતી તે દરમિયાન આ દીવાલનો ભાગ ધરસાયો હતો. ત્યારે મહિલાએ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને નજીકમાં આવેલ ખાંચામાં ભાગીને પોતાનો જીવ બચાવ્યો હતો. ત્યારે આ દીવાલ પડવા અંગેનો વિડીઓ હાલ સોશીયલ મીડિયા ખૂબ વાઈરલ થયો છે.

# કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ફુડ બિઝનેશ ઓપરેટર્સ સાથે ફુડ સેફ્ટી વિભાગનું અવેરનેસ મીટીંગનુ આયોજન



ગોધરા.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરાના ડેઝીગ્નેટેડ ઓફિસર અને ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા તા.૧૨/૦૭/૨૦૨૪ના રોજ પંચમહાલ અને મહિસાગર જીલ્લાના તમામ કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ફુડ બિઝનેશ ઓપરેટરોને ખાધ સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરા કચેરી ખાતે એક બેઠકનુ આયોજન કરવામાં આવેલ. સદર બેઠકમાં તંત્રના અધિકારીઓ દ્વારા ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, રૂલ્સ અને રેગ્યુલેશન હેઠળ કેટરિંગના વ્યવસાય માટે જરૂરી લાયસન્સ અને રજીસ્ટ્રેશન મેળવવા માટે ઓનલાઈન પ્રક્રિયાની સમજ અને માર્ગદર્શન આપવામાં આવેલ. ખાદ્યચીજોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે લાયસન્સની શરતોનું પાલન કરવા માટેની સુચનાઓ આપવામા આવેલ. સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણમાં ખાદ્ય-પદાર્થો તૈયાર થાય તથા તેમાં વપરાતો કાચો માલ શુધ્ધ, તાજો અને ઉચ્ચ ગુણવત્તાવાળો જ વપરાય તે માટે ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચા કરવામાં આવી. એફ.બી.ઓને તમામ રેકોર્ડ રાખવાનું તથા ખરીદવામાં આવતાં તમામ ખધ્યચીજો પાકા બિલથી જ ખરીદવા જણાવ્યું હતું.તેમજ આગામી સમયમાં ફુડ સુપરવાઈઝરોને ફુડ સેફ્ટી ટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેશન (FoSTaC) અંતર્ગત તાલીમ આપવામાં આવશે. .

# વાવની મુવાડી ગામેથી પસાર થતી કરાડ કેનાલમાં ગાભડું રાત્રે પાણી છોડતા ગટરો હાઉસફુલ



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના વાવની મુવાડી ગામેથી પસાર થતી કરાડ કેનાલની અંદર ગબળું પડ્યું હતું. કરાડ સિંચાઈ વિભાગ દ્વારા ગત રાત્રે કેનાલમાં અચાનક પાણી છોડવામાં આવ્યું હતું જે પાણી કેનાલના તળિયામાં પડેલા ગાબડા માંથી સીધું નાળાની પાઈપમાં રહી ગટરોમાં વહેતું હતું. રાત્રિ દરમિયાન ખેતરમાં આટો મારવા આવેલા પ્રવીણસિંહ ચૌહાણને કેનાલમાં પાણી છોડ્યું હોવાનુ માલૂમ પડ્યું અને પાણી તેમના ખેતરમાં ભરાતા તેમણે તાત્કાલિક ગામના સરપંચ તથા કેનાલ વિભાગને જાણ કરતા પાણી બંધ કરવામાં આવ્યું હતું. જો પાણી બંધ ન કરાયું હોત તો પાણી આસપાસના ગામો જેવા કે કણબીપાલી, દેવની મુવાડી સુધી પહોંચી જતા આ ગાબડું પૂરવા માટે પ્રવિણસિંહ દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી છે, પરંતુ તંત્ર દ્વારા આ બાબતે કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. ખેતર માલિકોએ ગાભડા માંથી પાણી વહીને ખેતરોમાં જતું હોવાની અને તેમની ખેતી બગડતી હોવાની રજૂઆત કરતા કરાડ સિંચાઈ વિભાગ દ્વારા ખેતરની આસપાસ સંરક્ષણ દિવાલ બનાવી આપવાની વાત કરી હતી. એક નાનકડું ગાભડું પુરવાના બદલે સિંચાઈ વિભાગ આખી સંરક્ષણ દિવાલ બનાવવાની કેમ વાત કરે છે ? કેનાલમાં સાફ-સફાઈ નો અભાવ તેમજ ઠેર ઠેર તૂટેલી હાલતમાં દેખાઈ રહી છે. જ્યાં સુધી કેનાલના તળિયાનું ગાભડું પૂરવામાં નહીં આવે ત્યાં સુધી ખેડૂતો સુધી સિંચાઈનું પાણી પહોંચવું કેઅસંભવ છે.